# મૂક સેવકની આત્મકથા યાને જીવન ઝરમર

હરિલાલ લાલજી ત્રિવેદી

# સાવરકુંડલાની જાહેર સંસ્થાઓ

અને

# મારું જીવન

□

હરિલાલ લાલજી ત્રિવેદી

[ સને ૧૯૦૭ થી ૧૯૭૩ ]

તમારા સંતાનને એક જ
સોગાદ આપી શકો તેમ હો
તો તે ઉત્સાહની હજો.

–બ્રુસ બારટન

પિતાને બાળકો હોય છે. પણ
બાળકોને સાચો પિતા ક્યારેકજ
મળે છે.

-પોપ જોન.

સુશિક્ષિત હોવું એટલે ખરાબ
કરતાં સારી વસ્તુને જ નહિ
સારી કરતાંય વધુ સારીને
પસંદગી આપવી.

–વિલિયમ ફેલ્પ્સ



શ્રી હરિલાલ લાલજીભાઈ ત્રિવેદી

જન્મ : તા. ૩-૧૦-૧૮૯૪

મોક્ષ : તા. ૨૩-૩-૧૯૭૫



શ્રી. ભાગીરથીબેન હરિલાલ ત્રિવેદી

હાલ ઉંમર : ૮૫ વર્ષ

## શિક્ષણના પ્રારંભના વર્ષના શાળા – સાથી શ્રી મોરારજીભાઈ દેસાઈનો સંદેશો.

ઓશિયાના,
[illegible] મુંબઈ ૪૦૦૦૨૦
૨-૪-૮૨

ભાઈ શ્રી [illegible],

તમે તમારા પિતાશ્રી સ્વ. હરિભાઈનું જીવન ચરિત્ર અને એમના [illegible] ભેગાં કરીને તે છપાવ્યા છો એથી આનંદ થયો.

હું કલોલમાં [illegible] ત્યારે એમની [illegible] ત્યારે હરિભાઈ પણ એમાં એક વિદ્યાર્થી હતા. પણ ત્યારથી ૭૦ વર્ષ પહેલાં હતા. એમનું જીવન [illegible] હતું અને એ રીતે [illegible] જીવન [illegible] તેઓ આ દુનિયામાંથી ગયા.

લિ. મોરારજી દેસાઈ

પ્રકાશન :
પ્રહ્લાદરાય હ. ત્રિવેદી
'તિરુપતિ'
પંડ્યા શેરી સાવરકુંડલા
જિ. ભાવનગર : ૩૬૪૫૧૫

□ ૧૯૮૨
પ્રત : ૫૦૦

મુદ્રણ :
શ્રીજી પ્રિન્ટર્સ
સાવરકુંડલા : ૩૬૪૫૧૫

# અર્પણ

ગંગાના પુનિત પ્રવાહની જેમ
પોતાના પતિ અને સંતાનોની સેવા
આજીવન કરતાં રહેનાર
પૂજ્ય માતુશ્રીને ચરણે..........

-આપના પુત્રો વતી
પ્રહલાદરાય ત્રિવેદી

## પ્રસ્તાવના

સ્વર્ગસ્થ મુ. શ્રી હરિલાલ લાલજીભાઇ ત્રિવેદીનું " સાવરકુંડલાની જાહેર સંરથાઓ અને મારું જીવન." આ પુસ્તકની પ્રસ્તાવના લખવાનું કાર્ય તેમના પરિવાર તરફથી મને સોંપવામાં આવ્યું તેને હું મારું સદ્ભાગ્ય લેખું છું.

ખરેખર હરિભાઈનું જીવન એ સાવરકુંડલાની જાહેર સંસ્થાઓ માટે વાસ્તવિક્તા છે. એટલે પુસ્તકનું શીર્ષક યોગ્ય છે.

મુ. શ્રી હરિભાઈ સાવરકુંડલાની જાહેર સંસ્થાઓમાં પાયાના પથ્થર સમા હતા. જેમાં એક ભવ્ય ઇમારતની ટોચ અને તેને બાહ્ય દેખાવ પાયાના પથ્થર ઉપર અવલંબિત હોય છે તેમ સાવરકુંડલાની જાહેર સંસ્થાઓ આજે જે કાંઈ ફાલીકુલી અને વિકસી છે, તેમાં મૂક સેવક શ્રી હરિભાઇનું સારું એવું યોગદાન છે.

મુ. શ્રી હરિભાઈ તે જમાનામાં શ્રીમંત કહી શકાય તેવા માબાપને ત્યાં એકના એક સંતાન તરીકે ઉછર્યા હોવા છતાં તેમની સાદાઈ નમ્રતા, ચોકસાઈ , પ્રમાણિકતા, દેશાભિમાનઅને દલિત વર્ગ માટે બનતું બધું કરી છૂટવાની તમન્ના વગેરે ગુણો તેમણે પિતાના અંતકાળ સુધી અવિરત જાળવી

રાખ્યા. તે તેમના જીવનમાંથી આજના યુવાનોને ધડે લેવા જેવું છે.

પોતે પોતાનો  વ્યવહાર ચલાવતા ચલાવતા સાવરકુંડલાની કેળવણી, આરોગ્ય, વ્યાયામ, હરિજન પ્રવૃત્તિ અને સત્યાગ્રહની લડત વગેરે કાર્યમાં મુ. શ્રી હરિભાઈએ જે ફાળો આપ્યો છે તે ખરેખર અભિનંદનીય છે પણ નવી પેઢી માટે અનુકરણીય પણ છે-

પૂ. ગાંધીજી, પૂ. વિનોબાજી, પૂ. ઠક્કરબાપા જેવા મહાનુભાવોના સંસર્ગમાં આવવાનું અને સાનિધ્યમાં રહેવાનું સદ્ ભાગ્ય તેમને પ્રાપ્ત થયું હતું. આ મહાનુભાવ પાસેથી માનવ સેવાના, અહિંસાના, સત્ય નિષ્ઠાના સંસ્કારોની દિક્ષા મુ.હરિભાઈએ પ્રાપ્ત કરી તે તેમણે સાવરકુંડલાની જનતાને સાવરકુંડલાની જાહેર સંસ્થાઓ દ્વારા આપી.

વિદ્યાર્થી કાળથી શ્રમ, સાદાઈ અને માનવતાના સંસ્કારો તેમણે મેળવ્યા. તે તેમણે જીવન પર્યંત જાળવી રાખ્યા.આટલું જ નહીં પણ પોતાના સંતાનમાં એ સંસ્કારોનું સિંચન કર્યું અને તેમના સંતાનોએ પણ તેમના સ્વર્ગસ્થ પિતાએ આપેલ દિક્ષાને જીવનનું જરૂરી ભાથુ હાંસલ કર્યું".

"કદમ અસ્થિર હોય તેને, કદી રસ્તો નથી જડતો
અડગ મનના મુસાફિરને હિમાલય પણ નથી નડતો."

કવિશ્રીની આ પંક્તિને મુ. હરિભાઈએ પોતાના જીવનમાંચરિતાર્થ કરી હતી. તેમ તેમના આ પુસ્તકમાં આલેખેલા કેટલાંક પ્રસંગો પરથી સ્પષ્ટ રીતે ફલિત થાય છે.

બ્રાહ્મણ કુટુમ્બમાં જન્મ્યા હોવા છતાં અને રૂઢીચુસ્ત જમાનામાં હરિજનો અને દલિત વર્ગના ઉત્કર્ષનું કાર્ય બ્રાહ્મણ કરે તે કલ્પવું  પણ કઠણ હતું. તેવે વખતે તેમણે તે આરંભ્યું અને હરિજન પ્રવૃત્તિનો આ રસ તેમણે જીવનપર્યંત જાળવી રાખ્યો. તેઓશ્રીએ પોતાના જીવનના ઉત્તરાર્ધ-કાળમાં સાવરકુંડલા સાર્વજનિક છાત્રાલયમાં ગૃહપતિ તરીકે આપેલી સેવા તેમના હરિજન સેવાનો આદર્શ  નમૂનો છે.

એકલા ગૃહપતિ તરીકે જ નહિ પણ કુટુંબ સાથેનો સઘળો  વ્યવહાર છોડીને છાત્રો સાથે સમૂહ રસોડે ભોજન લઈને છાત્રાલયને જ પોતાનું ઘર અને છાત્રોને જ પોતાનું કુટુંબ ગણીને કાર્ય કર્યું. તે તેમની હરિજન સેવા કરવા માટે કેટલી દિલચશ્પી હતી તે બતાવે છે.

તેમની આ સેવા પ્રવૃત્તિમાં તેમના ધર્મપત્નિ ભાગીરથીબેનનું પ્રદાન પણ નાનુંસુનું નથી. આ મૂકસેવકના ધર્મપત્નિએ મુ. હરિભાઈ ને તેમની જાહેર સેવામાં આપેલ સાથ નોંધનીય છે.

આટલા કાર્યો પછી પણ તેમણે કદી હોદ્દાને કે સંસ્થાનો મોહ રાખ્યો ન હોય અને "સેવા એજ ધર્મ અને સેવા એજ પૂજા" એ વાતને જીવનમાં અપનાવી. નિરાભિમાની સાદું અને સરળ જીવન જીવી ગયા.

સ્વર્ગસ્થના જીવનના આ નાનકડા પુસ્તકમાંથી પ્રેરણા લઈને તે પંથે ચાલવાનો યત્ કિંચિત્ પ્રયત્ન કરીએ તેવી ઈશ્વરને પ્રાર્થના સાથે વિરમું છું.



સાવરકુંડલા

દિનાંક ૨૦-૪-૮૨

ઋણ સ્વિકાર.........

જીવન સંધ્યાના છેલ્લા વર્ષોમાં અમારા પૂજ્ય પિતાશ્રીએ એમનાં જીવન સંભારણાં સ્વરૂપે સ્મરણીય જીવનકાર્ય અને પ્રવૃત્તિની આ પુસ્તિકા તેમના સ્વહસ્તે લખી છે તે પછી ૧૯૭૫ માં વડોદરામાં તેઓએ છેલ્લા શ્વાસ લીધાં તેમની હયાતિ દરમ્યાન આ પ્રકાશિત ન કરી શકયા તે અમારી ક્ષતિ
છે. તેમના સ્વર્ગવાસ પછી ૭ વર્ષે આ પ્રગટ કરતાં હર્ષ અનુભવીએ છીએ.

સાવરકુંડલાના વિશાળ સમાજમાં ‘દાદા’ના આદરસૂચક નામથી તેઓશ્રીએ અમારી સાથોસાથ ઘણાંને હૂંફ આપી છે.તેઓશ્રીની નિખાલસતા અને મમતાથી પ્રશ્ન હલ કરવાની સૂઝ અમારા માટે તેમજ તેમના પરિચયમાં આવેલાઓનું સંભારણું બની રહ્યું છે.

પૂ. ગાંધીજી તેમજ પૂ. વિનોબાજી સાથે તેઓએ કેટલોક સમય વ્યતીત કર્યો. તેમના સહવાસના કારણે આજીવન ખાદીધારી ને વ્રતધારી બન્યા.

સ્વ.પૂ.મણિભાઈના સાનિધ્યને કારણે સષ્ટ્રભક્તિના રંગમાં રંગાયા અને રાષ્ટ્રિય ચળવળમાં ભાગ લીધો .

પૂ.ઠક્કરબાપાના સાનિધ્યને કારણે હરિજન સેવા તેઓને જીવનમંત્ર બની ગયો. રૂઢિચુસ્તતામાં સપડાયેલા યુગમાં હરિજન ભાઈઓની સાથે રહેવું કપરું હતું છતાં નીડરતા- પૂર્વક દીન-દલિત લોકોની નિઃસ્વાર્થ સેવા મૃત્યુ પર્યત ચાલુ રાખી.

પૂ.લલ્લુભાઈ અને તેમના સાથીદારોને અખૂટ વિશ્વાસ સંપાદન કરી સાવરકુંડલાની સામાજિક સંસ્થાઓના પાયાના પત્થર બની તેમાં પ્રાણ પૂર્યા છે.

છેલ્લે આ પુસ્તિકાના પ્રકાશન નિમિત્ત બે શબ્દો લખી આપવાની અમારી વિનંતી સ્વીકારી પોતાના અનેકવિધ રાષ્ટ્રિય કાર્યમાંથી સમય મેળવી પૂ.મોરારજીભાઈ દેસાઈએ સમગ્ર લખાણ વાંચીને બે શબ્દો લખી આપ્યા છે તેમાં એક સેવક પ્રત્યે તેમનો પ્રેમ તથા સાવરકુંડલા પ્રત્યેની લાગણી વ્યક્ત થાય છે.આ પ્રસંગે અમે તેઓશ્રીના અત્યંત ઋણી છીએ.

પૂ.શ્રી લલ્લુભાઈ તો અમારા પોતાના જ છે પુસ્તિકા માટે પ્રસ્તાવના લખતાં 'દાદા' વિષે જે અહોભાવ વ્યકત કરેલ છે તેમાં તેઓ પ્રત્યેની લાગણીના દર્શન થયાં. સ્વજનનો આભાર માનવાનો ન હોય છતાં

આ પ્રસંગે તેઓશ્રીના માર્ગદર્શન વખતે અમને જે 'પ્રેરણામૃત' પ્રાપ્ત થયેલ છે તે અમારી આગવી મૂડી બની રહેશે.

બહુમુખી પ્રતિભા, નિસ્વાર્થ - લોકસેવા, પ્રામાણિક્તા,સાદાઈ, ચોકસાઈ વગેરે સદ્દગુણોથી ઓપતા આવા પિતાના અમે સંતાન હોવાનું ગૌરવ અનુભવીએ છીએ.

અમને શ્રદ્ધા છે કે, એમની જીવન ઝરમર વાચક વર્ગને માર્ગદર્શક બવશે અને જીવન પંથને સુલજાવવાનું ઉપયોગી ભાથું સૌને મળી રહેશે.

અસ્તુ...

કૃષ્ણ જન્માષ્ટમી.
સંવત ૨૦૩૮
તા. ૧૨-૮-'૮૨

દલપતરામ હ. ત્રિવેદી
વિષ્ણુપ્રસાદ હ. ત્રિવેદી
પ્રહલાદરાય હ. ત્રિવેદી.

શ્રી ગણેશાય નમઃ
શ્રી શારદારી નમઃ
શ્રી પરમાત્મને નમઃ

# મૂક સેવકની આત્મકથા
# યાને
# જીવન ઝરમર

જન્મભૂમિ :- સાવરકુંડલા, તાલુકા સાવરકુંડલા જીલ્લા ભાવનગર.

સાવરકુંડલા :- નાવલી (નવલગંગા) તટ ઉપર આવેલ છે.ગોકુળ અને મથુરા વચ્ચે જમનાજી વહે છે તેમ સાવર અને કુંડલા વચ્ચે નાવલીજી વહે છે. વર્ષોથી જળ પ્રવાહ અખંડ વહેતો હતો તે આજે બંધ પડી ગયો છે. નદીનું પાણી લોહ-ભસ્મવાળું હતું. તેના પાણીથી સંગ્રહણીના દર્દ મટી જતા હતા જે માટે મુંબઈના દર્દીઓ પૂ.જટાશંકર વૈદ્યની દવા માટે અત્રે આવતા. લોખંડના કાંટાઓ માટે આ શહેર પ્રખ્યાત છે. એવરીની સામે હરિફાઈમાં ટકી રહ્યું છે.આખા ભારતમાં સાવરકુંડલાના નાના-મોટા લોખંડના કાંટાઓ જાય છે. કેશવ નારણનો કાંટો પ્રખ્યાત છે. એક માખી બેસે તો નમી જાય છે. અનાજ-કપાસના વેપારનું મથક છે. દેશી ઉનના ધાબળા સારા બને છે.

જન્મ સ્થળ :-- સાવરકુંડલા – પંડ્યા શેરી
પંડયા શેરી - પિતાની માલિકીનું ઘર.

જન્મ તિથિ- સ. ૧૯૫૦ ના આસો શુદી 3 ને શુક્રવાર
રાત્રીના ૧-૩૦ વાગ્યે.
સને ૧૮૯૪ - ૩ જી ઓકટોબર

નામ :- હરિલાલ લાલજી ત્રિવેદી

પિતા :- ત્રવાડી લાલજી પરશોતમ

માતા :- ઓઝા રાધાબાઈ શીવશંકર

ભાઈબહેન :મોટા મગનલાલ તથા બીજા એક જેનું નામ યાદ નથી. બહેન ઋક્ષ્મણિ જેઓ બધા નાની વયમાં જ સ્વર્ગવાસ પામ્યા હતા. જેથી જોએલા નથી.

**બાળપણનો અભ્યાસ :**

પાંચ વર્ષની ઉંમરે ધૂડી નિશાળે ભણવા બેસારેલ.પંડ્યા અંબારામભાઇની ધૂડી નિશાળ ઘર આગળજ હતી તેમના નામથી પંડયા શેરી નામ પડેલ હતું. તેઓ સો એકડા - એકા અગીયારા-પા -અર્ધા-પોણા - સવાયા-અઢીયા અને ઊઠા તથા કકા - બારાખડી શીખવતા.અગાઉ પાટીયા ઉપર ધુડ નાખીને અક્ષરો શીખવાતા તેથી નિશાળનું નામ ધુડી નિશાળ કહેવાતું.

શિક્ષા સાથે ભણતર ભણાવાતું - જેવા કે ઘોડી કરી વાંસા ઉપર પાટી કે પાટીયાં મૂકવા બે હાથ જોડી ખીલીએ ટાંગવા સોટી કે આંકણી વડે ફટકારવા. આંકની મોપાટ,વ્યક્તિગત તથા સમૂહમાં લેવરાવી પાકા કરાવતા. જેથી હું આંક તથા ગણિતમાં હોંશીઆર બની ગયો હતો. ગુરૂજીની
આજ્ઞા પળાતી અને વિદ્યાર્થી વિવેકી રહેતો. વિદ્યાર્થીમાં ઉદ્ધતાઈ કે તોફાન જણાતા ન હતા. ગુરૂજી પણ ખંતથી અને ભાવનાથી ભણાવતા ધૂડી નિશાળમાંથી તાલુકા શાળામાં બીજે વર્ષે પ્રવેશ કર્યો.

**તાલુકા શાળા :**

હાલ જયાં સુધરાઈની માર્કેટ છે ત્યાં હતી.તેમાં મોટા હોલ હતા. દિવાલોને બદલે વચ્ચે વચ્ચે ગોળાકાર ત્રાકો હતા જેથી બધા વર્ગો ઉપર તાલુકા માસ્તરનું (આચાર્યનું) ધ્યાન રહેતું સમય સવારના ૬-૩૦ થી ૧૦-૩૦ અને બપોરના ૨-૦ થી ૫-૦ હતો. પરીક્ષા સમયે શિક્ષકો વિદ્યાર્થીઓને સવારમાં વહેલા પાંચ વાગ્યે અંધારામાં વધારાનું શિક્ષણ આપવા બોલાવતા. શિક્ષકો ગણીતને પ્રાધાન્ય આપતા. અક્ષરો સુધારવા કોપીબુકો લખાવાતી. તથા ઇતર વાંચન માટે પરીક્ષામાં શાળાના તુમારોની ફાઇલમાંથી વાંચન કરાવી માર્કસ દેવાતા. અમુક સમય આઠમું ધોરણ પણ ખોલેલું.આઠ ધોરણ ભણેલો અંગ્રેજી મેટ્રીક સુધીનો અભ્યાસક્રમ શીખી જતો. ધોરણ પાંચમાંથી અંગ્રેજી શાળામાં જવાતું.આઠમા ધોરણમાંથી જનારને બમણો લાભ થતો હું સાત ધોરણ કરી અંગ્રેજીમાં દાખલ થએલો.

**અંગ્રેજી મિડલ સ્કૂલ :**

સને ૧૯૦૭ (સંવત ૧૯૬૩)માં કુંડલા મિડલ સ્કૂલમાં દાખલ થયો, સાથીઓ સંઘવી છગનલાલ હરિચંદ, પારેખ વનમાળી ઓધવજી, હિંગેરા ગની સુલેમાન, ત્રિવેદી મણીશંકર શામજી વગેરે હતા. હેડમાસ્તર હતા શ્રી મોરારજીભાઈ દેશાઈના પિતા શ્રી રણછોડજીભાઈ દેસાઈ. મોરારજીભાઈ દેસાઈ તે વખતે ધોરણ ૪ થું (હાલ આઠમું ગણાય છે તે) ભણતા હતા. આ અંગ્રેજી મિડલ સ્કૂલ દેવળાને ઝાંપે ગઢની રાંગ પાસે બેસતી હતી. જ્યાં ત્યાર પછી જુનું ખાદી કાર્યાલય ખોલવામાં આવ્યું હતું.

હેડમાસ્તર રણછોડજીભાઈને વિદ્યાર્થીઓ ઉપર કાબુ સારો હતો. વર્ગોમાં આવે એટલે વિદ્યાથીએ શાંત અને શિસ્તબદ્ધ થઈ જતાં. તોફાની વિદ્યાર્થીને દરેક વર્ગમાં લઈ જઈ હાથમાં એક એક નેતરની સેટી વળગાડતાં. જેથી તેમની ધાક બહુ રહેતી. તેનું શરીર અલમસ્ત હતું. પેટની ફાંદ હતી. બાલાબંધી અંગરખુ તથા માથે ટોપી પહેરતા. માથે રડો કરાવતા. તેમનો પગાર માસિક ફક્ત રૂ. ૩૫ પાંત્રીશ હતા.મદદનીશ શિક્ષકોને પગાર રૂ ૧૫ હતા. પટ્ટાવાળાને પગાર ૭।। હતો. મોરારજીભાઈ ભણવામાં હોંશીઆર હતા. ધોરણ ૪ થામાં પ્રથમ નંબર આવે તેને માસિક રૂ ૫, ત્રણ વર્ષસુધી ભાવનગર શહેરમાં ભણવા જવાની શરતે મળતાં.

**જાહેર સેવાનો પાયો :-**

અગ્રેજી શાળામાં ચાર ધારણ સુધી દરેકને એક એક વર્ગ જ હતો. શિક્ષક હતા મગનલાલ
ધોળકીયા, પદ્મનાભ શાસ્ત્રી, ચીમનભાઈ જૈન, અને હેડમાસ્તર રણછોડજીભાઈ. શિક્ષકે માયાળુ અને શિક્ષણ પ્રેમી હતા. વિદ્યાર્થીઓ પણ આજ્ઞાંકિત અને સેવાભાવી હતા પદ્મનાભશાસ્ત્રીની બદલી થતાં અમે વિદ્યાર્થી ચરખડીઆ સુધી તેમને ગાજતે વાજતે વળાવવા ગયા હતા. (ભીતીઆ-ભંભોટીયા અનેઈ ઇંગોરીયાના અવાજ સાથે. ધેરણ રજું ભણતા હતા ત્યારે બાલગંગાધર તિલક મહારાજની સ્વદેશી ચળવળ ઉપડી હતી. વંદેમાતરમ ગીત સરકારે જપ્ત કર્યું હતું ત્યારે અમે ટોપીમાં વંદેમાતરમ્ ચીતરી ઓઢતા હતા. લાલા લજપતરાય, બીપીન-ચંદ્ર પાલ, બાલગંગાધર તિલકને સરકારે જેલમાં પૂર્યા હતા.લાલ, બાલ અને પાલની ત્રિપુટી સ્વરાજ માટે લડતી હતી.ગાંધીજીનું આગમન હજુ થયું નહોતું. અમે ચાર ધોરણ પુરા કરી આગળ અભ્યાસ માટે ભાવનગર ગયા હતા. ત્યારે રેલ્વે અહિ નહોતી. અમરેલી થઈ લાઠી સ્ટેશનેથી જવાતું અવાતું.

વેકેશનમાં ઘેર આવતા ત્યારે અમે "બાલમિત્રમંડળ" ની સ્થાપના કરી. (બાલગંગાધર તિલકના નામ પર)

પ્રમુખ મણિશંકર શામજી ત્રિવેદી અને મંત્રીઓ હું તથા છગનલાલ સંઘવી બન્યા. તથા અન્ય સભ્યો દશબાર હતા. લવાજમ ફક્ત માસિક બે આના રાખ્યું હતું.

**યુવાનીની સ્વચ્છતા અને સંસ્કાર:**

મારા પિતાશ્રી વેપારી હતા. લાતીનો ધંધો પ્રથમ કરતા હતા. ત્યાર બાદ અફીણનો ઈજારો રાખતા અને પછી જગાતનો ઈજારો રાખતા. સાથે વેપારી- ખેડુતો અને નોકરીઆતોને ધીરધાર કરતા હતા. જેથી પૈસે ટકે સુખી હતા. ઘરમાં પેટીમાં રોકડ નાણું રાખતા.પેટીને અંગ્રેજી નંબરવાળું ચાર ચક્કર ફેરવી મેળવતાં ઉઘડે તે હું શીખી ગયો એટલે ખોલીને પરચુરણ પૈસાનો મૂઠો ભરી લેતો. અને તેનાથી નાસ્તા-મીઠાઈઓ દરરોજ ઉડાવતો. હોટેલમાં ચાપાણી ખૂબ પીતા - પિતાશ્રીને કોથળીયે મેળ હતો તેથી ખબર ઓછી પડતી ખબર પડતી ત્યારે મીઠો ઠપકો દઈ દરગુજર કરતા.

દૈવયોગે અમોને સદ્ ગુરુ કુરૂણાશંકર વૈદ્ય મળ્યા. તેઓ શિક્ષક હતા તેમને શ્રીમન નથુરામ શર્મા બ્રહ્મનિષ્ઠનો સંસર્ગ થતાં નોકરી છોડી ઈશ્વર પરાયણ બન્યા. તેમાં થોડું વૈદું જાણતા હતા. જેથી એક નાની દુકાન રાખી પરોપકાર અને ભક્તિ કરવા બેસી ગયા. અમો તેમની પાસે સંધ્યોપાસના તથા સદ્દુપદેશ શીખવા જતા. સવાર સાંજ નદીએ સ્નાન સંધ્યા માટે જવા લાગ્યા અને ધાર્મિક પંથે વળ્યા અને આ સંસ્કારો જીવનમાં વણાઈ ગયા. સંવત ૧૯૬૦ માં પ્લેગ આવ્યા. તેમાં સૌ ગામ છોડી ચાલ્યા ગયા પણ પોતે તથા તેમના પત્ની ગામમાં માંદાઓની સેવા કરવા રહ્યા. સેવા કરતા કરતા તેઓ પ્લેગના ભોગ બન્યા અને પરાર્થે જીવન છોડયું.

**બાલમિત્ર મળની પ્રવૃત્તિ:**

વેકેશનમાં અમો મિત્રો ઘેર આવતા ત્યારે બાલમિત્ર મંડળની પ્રવૃત્તિઓ ચલાવતા.

**ગેધરીંગ પ્રવૃત્તિ :**

સામાજીક નાટકો રચી અમે સૌ મિત્રો ભજવતાં બગસરાવાળા ઝવેરચંદ મેઘાણીના કાકાના દીકરા વૃજલાલ મેઘાણી અહીં તેમના મામાને ઘેર આવતા તેઓ નાના સંવાદો અને નાટકો તૈયાર કરી આપતા અને સૌ ભજવતા. જેમાં સામાજીક સુધારા, અમલદારની લાંચ રૈવતના તથા રાજકીય જુલમાના પાઠ આવતા. જેથી બાલ -મિત્ર મંડળ પ્રજામાં તેમજ રાજ્યમાં પ્રકાશમાં આવ્યુ અમલદારો ડરવા લાગ્યા. પ્રજામાં પણ જાગૃતિ આવી. તે વખતે મહાજન પ્રથા ચાલતી હતી તેમનું પ્રજામાં વર્ચસ્વ હતું જેથી તેમનો સાથ મેળવી અમો કામ કસ્તા. મહાજનના મોવડીઓ શ્રી બાઉચંદ જાદવજી, શ્રી શામજીભાઈ કેશવ વકીલ, શ્રી ડુંગરશી મુળજી વકીલ તથા શ્રી આદિત્યરામ કલ્યાણજી મહેતા હતા.

અમારા સૌ મિત્રોનો અભ્યાસ ચાલુ હતો જેથી અમે સૌના અભ્યાસ સ્થળેથી વેકેશનમાં ઘેર આવતા ત્યારે મંડળની પ્રવૃત્તિ ચલાવતા હતા હું ભાવનગર અભ્યાસ અર્થે ગએલો.૧૯૧૧-૧૨-૧૩-૧૪ ત્યાં રહેલે. ૧૯૧૩ માં હું મેટ્રીકમાં આવ્યો હતો

રૂવાપરિના દરવાજે બાપુ મહેતાની વાડીમાં જેમાં સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ માટે મફત રહેવાની ત્રીશેક ઓરડીઓ હતી વચ્ચે મેદાન અને શિવમંદિર હતું. ખાલી પડતી ઓરડીઓમાં અંગ્રેજી ભણનારા વિદ્યાર્થીઓને પણ મળતી તેમાં મને એક ઓરડી મળેલી. હું તેમાં હાથે રાંધીને જમતો. પાણી વાસણ વગેરે કામ અમે બધા હાથેજ કરતા. ભોજન ખર્ચ ફકત માસિક રૂા. ૫-૦ (પાંચ) આવતા બે રૂપિયા ફી તથા એક રૂપિયા પરચુરણ વાપરવાના મળી રૂપિયા ૮-૦ માસિક પિતાશ્રી મોકલતા. ત્યાં રહી સ્વાશ્રય અને સાદાઈનો પાઠ શીખ્યો. સ્વછંતા અને ઉડાઉ-પણું ચાલ્યા ગયા. વિદ્યાર્થીઓ સાથે સમુહમાં રહેતા સહકાર અને પ્રેમ ભાવના મેળવી

આલ્ફ્રેડ  હાઇસ્કૂલમાં તે વખતે મણિશંકર રત્નજી ભટ્ટ હેડ માસ્તર અને કેળવણી નિરીક્ષક હતા ત્યારબાદ કૌશિકરાય વિન્ધહરરામ મહેતા આવ્યા બંને સાક્ષર હતા મદદનીશ શિક્ષકો પણ શિક્ષણ નિપૂણ હતા. તે વખતે અભ્યાસનું મિડિયમ અંગ્રેજી હતું. ગણીત, ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, સંસ્કૃત વગેરે અંગ્રેજીમાંજ શીખવાતા. સાથે પહેલા ધેરાણુથી અંગ્રેજી પાઠમાળા ચાલતી. તા.૧ થી ૫ હતા. જેથી વ્યાકરણ સાથે અંગ્રેજી ભાષા શીખવાતી. હું ગણીત અને સંસ્કૃતમાં હોંશીઆર હતો. જેમાં ૮૦ ટકા માર્કસ મેળવતો પણ અંગ્રેજી નબળું હોવાથી મેટ્રીકમાં પ્રથમ વર્ષે ફોર્મ ન મળ્યું. તે વખતે ફક્ત મુંબઈ યુનિવર્સિટી હતી અને મુંબઈ, અમદ્યાવાદ બે જ સેન્ટર હતા. માત્ર છ હજાર જ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસતા.તે વખતે એવો નિયમ હતો કે અંગ્રેજી પેપર્સ પ્રથમ જોવાતા. તેમાં નપાસ થનાર વિદ્યાર્થીઓના પેપર્સ બાકીના જોવાતાં જ નહિ, તેઓને નપાસ ગણતા.અંગ્રેજીને પ્રાધાન્યઅપાતું. બીજે વર્ષે ફેમ મળ્યું

અમદાવાદ પરીક્ષા આપી પણ અંગ્રેજી નડયું અને ફરી નપાસ થયો એટલે ભાવનગર છોડ્યું . અમરેલી હાઇસ્કૂલમાં દાખલ થયો. ત્યાંની સરકારી બોર્ડીંગમાં રહ્યો. ત્યારે ચશ્મા આવવા લાગ્યા, ચશ્મા નંબર કઢાવી પહેરવા શરૂ કર્યા.અમરેલી ફાવતું નહોતું. તેવામાં અમદાવાદ શ્રીમાળી જ્ઞાતિની ચંચળબાઈ બોર્ડીંગ શરૂ થઈ, એટલે ત્યાં ગયો. શરૂઆત હતી. ફક્ત લોજીંગ મળતું હતું. જમવાનું બહારની વીશીમાં રાખ્યું. હું એક જ વિદ્યાર્થી હતો . મારા લગ્ન ૧૯૧૩ માં ભાવનગર મેટ્રીક ભણુતા ત્યારે થએલા. કહે છે કે ભણતર અને પણતરને બનતું નથી. તેવુંજ મારામાં થયું. નામીચી પ્રોપ્રાએટરી હાઈસ્કૂલમાં દાખલ થયો. દિવાન જીવનલાલ અને બલુભાઈ ઠાકોર પ્રોપ્રાએટર હતા.

બોર્ડીંગમાં હું એક જ વિદ્યાર્થી હતો. ખાડીઆમાં એક કુટુંબ રહી શકે તેવી મેડીનો ભાગ સંસ્થાએ ભાડે રાખેલી. કાર્યકર્તા ત્રંબકલાલ શિવશંકર ત્રિવેદી, કાળીદાસ વસનજી દવે. વગેરે હતા. વીશીમાં

જમવાનું ફાવતું નહોતું તેથી બીજો વિદ્યાર્થી ન હોઈ મેં મારી પત્નિને સાથે રાખવા માગણી કરી છે જે તેમણે મંજુર રાખી. પાછળથી બીજો એક વિદ્યાર્થી આવ્યો.તેને મેં મારી સાથે રાખ્યો. અમે બે વિદ્યાર્થી થયા. મેં શ્રીમાળી અભ્યુદયમાં લેખ પ્રગટ કર્યો કે 'બેના બાવીશ કયારે થશું ?' થોડાક વર્ષો તે બીજા કોઈ વિદ્યાર્થી આવ્યા નહિ. કારણુ લોજીંગ સિવાય કોઈ સગવડ નહોતી આગળ ઉપર સંસ્થાએ શ્રીમાળી સોસાયટીમાં કોચરબ પાલડી જમીન લઈ મકાન બાંધ્યું અને તેના ઉત્કર્ષ થયો ત્યારબાદ વિદ્યાર્થીઓની સંખ્યા વધી અને હાલ તે સારા પાયા પર ચાલે છે.

ચાર ચાર ટ્રાયલ કર્યા છતાં અંગ્રેજી નબળુ હોઇ મેટ્રીક પાસ ન થયો તે ન થયો . એટલે અમદાવાદમાં જ "યાજ્ઞિક સ્કૂલ ઓફ કોમર્સ"માં દાખલ થયો.બુક કીપીંગ, ટાઈપ રાઈટીંગ એન્ડ શોર્ટ હેન્ડ વિષયો રાખ્યા. વર્ષાતે લન્ડન ચેમ્બર ઓફ કોમર્સ તરફથી લેવાતી બુકકીપીગ એન્ડ
એકાઉન્ટન્સીમાં મુંબઈ સેન્ટરમાં પરીક્ષા આપી બીજે નંબરે પાસ થયો.

વેકેશનમાં અમારી બાલ મિત્ર મંડળની પ્રવૃત્તિઓ તો ચાલતી જ હતી.

૧૯૧૫ માં અમોએ હરિજન શાળા સ્થાપી.થીઓસોફીસ્ટવાળા વેણીશંકર ગોર્વધનરામ ભટ્ટ તથા હરજીવન કાળીદાસ મહેતા અહીં આવતા. તેમણે શાળા ચલાવવાનો બધો ખર્ચ આપવા જણાવ્યું. જે અમે સહર્ષ સ્વીકારી લીધું. જગા ભગતની ઓસરીમાં. શાળાનું ઉદઘાટન કરી ગોળધાણા વહેંચી ખાધા. એક આરબ મિત્રને શિક્ષક રાખે. ગાંધીજીની હરિજન પ્રવૃત્તિ તે ત્યાર પછી થઈ. આ પ્રવૃત્તિને ગામમાં વિરોધ થયા. પણ અમે મક્કમ રહ્યા અને પ્રવૃત્તિનું સંચાલન શરૂ રાખ્યું. હું બ્રાહ્મણ હોઈ મારી જ્ઞાતિમાં જબરો વિરોધ થયો. જ્ઞાતિએ મારો બહિષ્કાર પોકાર્યો. મારા કુટુંબીઓએ મારો સાથ લીધો જેથી જ્ઞાતિનાં બે તડાં પડ્યાં.

આ અરસામાં, લગભગ ૧૯૧૭ માં ગાંધીજીએ કોચરબ પાલડીમાં જીવણલાલભાઈના બંગલામાં આશ્રમ સ્થાપ્યો. સાંજના તેઓ ( Civil disobedient) સીવીલ ડીસ ઓબીડીઅન્ટનું પુસ્તક વાંચતા. હું ત્યાં વૃજલાલ મેઘાણી જે L.C.P.S.નો અભ્યાસ કરતા હતા તેની સાથે જતો.બોટાદના હરિજન દુદાભાઈને ગાંધીજીએ આશ્રમમાં દાખલ કર્યા હતા. તે સૌને પાણી પીરસતા. જે પીવામાં અમે ગૌરવ
માનતા. ગાંધીજીની હરિજન પ્રવૃત્તિની ત્યાંથી શરૂઆત હતી. માણેકચોકમાં ગાંધીજીનું પહેલું ભાષણ સાંભળ્યું. તે વખતે તેઓ કાઠીઆવાડી ફેટો, અંગરખું, ખેસ અને ધોતી પહેરતા જે સ્વરૂપ હજુ મને યાદ છે.

૧૯૧૯ માં ગાંધીજીએ રોલેટ એકટ સામે સત્યાગ્રહ આદર્યો. જપ્ત થએલું "હિંદ સ્વરાજ" જાહેરમાં વેચવા બહાર પાડયું ડો.કાનુગા તેમના દવાખાનાના ઓટલે ઊભા રહી વેચવા માંડયા. આમ સત્યાગ્રહના મંડાણ થયાં.

હુ તથા વૃજલાલ મેઘાણી લક્ષમીવિલાસ હોટેલમાં ચા નાસ્તા માટે જતા. એક દિવસે મને સ્ફુરણાથઈ કે આજે લક્ષમીવિલાસનાં પગથિયાં નથી ચડવાં, આજથી ચા હરામ છે.૧૯૧૯ થી મારી ચાની પ્રતિજ્ઞા હજુ ચાલુ છે અને તે અંત સુધી ચાલુ છે. અને તે અંત સુધી રહેશે.

બુક કીપી'ગ એકાઉન્ટન્સીની પરીક્ષા આપી અભ્યાસ છોડી હું ઘેર આવ્યો. આ સમયમાં આગળ ગાંધીજીએ કોંગ્રેસના એક લાખ સભ્યો, એક લાખ રેંટીઆ અને એક કરોડ્ રૂપીઆનો ફાળો કરવા દેશને હાકલ કરી. હું તે પ્રવૃત્તિમાં જોડાયો.

ગાંધીજીના ભત્રીજા મગનલાલ ખુશાલચંદ ગાંધી, માવજીભાઈ ખાદી કામ કરતા હતા તે જોવા માટે ડુંગર નીકળેલા. રસ્તામાં અહીં ઊતર્યા હતા. તેમને અહીંની પ્રવૃત્તિઓ બતાવવા સાથે આખો દિવસ ફર્યો તેમણે પૂછ્યું : તમે શું કામ કરો છો ? કેમ આટલા બધા નવરા છો ? મેં કહ્યું. હું અભ્યાસ પૂરો કરીને આવ્યો છું. નોકરીની શોધમાં છું' તેમણે કહ્યું : કેટલી નોકરીની આશા રાખો છો ? મે કહ્યું માસ્તરની રૂ. ૨૦ ના પગારની મળે તેવી આશા છે. તેમણે કહ્યું રૂ. ૩૦ની માસિક આવક મળે તે રસ્તો બતાવુ તો કેમ ? તો સારૂં. જુઓ તમારે પ્રથમ તાલીમ માટે અમારા આશ્રમમાં આવવું પડે તે વખતે ગાંધીજીએ સાબરમતીમાં આશ્રમ ખસેડયુ હતું. ત્યાં ચારેક માસ પીંજાવા, કાંતવા અને વણવાની તાલીમ લઈ અહી ખાદી ઉત્પન્ન કરો અમે બધી ખાદી ખરીદી લઈશું. અહી વણાટનું સ્થળ સારૂં છે. વાંઝા–હરિજન પુષ્કળ કારીગરો છે. મેં કહ્યું મને હવે ભણાવવા વધુ ખર્ચ મારા પિતાશ્રી આપવા નારાજ છે. તો મગનભાઈએ કહ્યું કે હું સ્કોલરશીપ આશ્રમના ખર્ચ માટે માસિક રૂ. ૨૦/–અપાવીશ. મેં હા પાડી. કારણ મહાત્મા ગાંધીજી સાથે ચાર માસનો સહવાસનો લાભ મળશે. તેનું મને પ્રલોભન હતું મેં મારા પિતાશ્રીને આ વાત કરી રજા માગી તેમની ઈચ્છા ન હતી પણ આગ્રહને લીધે તેમણે હા પાડી. મગનભાઈ ડુંગર જઈ આવી મને સાથે લીધો. અહીંથી અમારે ગોપાળગ્રામ ઢસા દરબાર ગોપાળભાઈને ત્યાં હરિજન કન્યાશાળાનું મકાનનું ઉદઘાટન કરવાનું હતું. કવિશ્રી નાનાલાલ તથા તેમનાં પત્ની ત્યાં આવ્યાં હતાં. અને સાથે જમવા બેઠા. કવિ નાનાલાલ અમારા પિતરાઈ સગા થાય. તેમના બે ભાઈઓ સાવરકુંડલા અમલદાર તરીકે આવેલા. કવિ મગનલાલ અહીંના ન્યાયાધીશ હતા. કવિ નાનાલાલ મને જોઈ ને આશ્ચર્ય પામ્યા. જમીને બપોરના કન્યાશાળાના ઉદઘાટન માટે જવાનું હતું કવિના પત્ની માણેકબાઈ તથા ગોપાળદાસ દરબારના પત્ની ભક્તિબાને સાથે આવવા કહ્યું. ત્યાં દુર્ગંધ હોય. વળી અડીને અમારે નહાવું જોઈએ કવિએ કહ્યું ભલે તેમ કરજો પણ સાથે આવવું પડશે અમે સૌ હરિજન વાસમાં ગયા ત્યાં સૌએ સ્વાગત કર્યું અને શાળાનું ઉદઘાટન કવિશ્રીએ કર્યું. ગોપાળદાસ દરબારનું ઢસા (ગાપાળ પ્રામ) આદર્શ ગામ હતું. ગ્રામ શાળા, હરિજન શાળા, પુસ્તકાલય, સુધરાઈ, ગ્રામ પંચાયત વગેરે ચાલતાં. દરબાર ગ્રામજનો સાથે રાસ ગરબા લેતા હતા. દરબાર સાહેબ હજી ખાદી પહેરતા નહોતા. મગનભાઈ ખાદી

માટે આગ્રહ કર્યો. ઝીણી ખાદી અપાવો તો પહેરું મગનભાઈ એ આશ્રમમાંથી ઝીણી ખાદી મોકલી અને ત્યારથી ખાદીધારી થયા. ત્યાંથી અમે દરબારશ્રીના લીંબડી પાસેના રાઈ–સાંકળી ગયા ગામે ગાજતે વાજતે સામૈયું કર્યું. ત્યાં પણ ગામની પ્રવૃત્તિ જોઈ અમે ખુશ થયા.

**સામરમતી સત્યાગ્રહાશ્રમમાં :**

રાઈ સાંકળીથી હું તથા મગનભાઈ સાબરમતી સત્યાગ્રહાશ્રમમાં ગયા. કાંતવા, પીજવા તથા વણાટકામ માટે.વિદ્યાર્થીઓ સાથે મારે રહેવાનું. મને ગાંધીજીની જોડેની એક ઓરડીમાં સ્થાન મળ્યું. ડુંગરવાળા માવજીભાઈ નારીગરા શિક્ષક હતા. બાજુમાં વિનોબાજીનો નિવાસ હતો. આશ્રમમાં ચાર વાગે ઊઠવાને અને તરત સમૂહ પ્રાર્થનામાં ભાગ લેવાનો નિયમ હતા. ગાંધીજી પ્રાર્થનામાં દરરોજ હાજર
રહેતા. અમે સૌ તેમને પગે લાગી પ્રાર્થનામાં બેસતા. સાંજના છ વાગે પ્રાર્થના થતી. પ્રાતઃ પ્રાર્થના પણ થતી. પ્રાર્થનામાં ગીતાનો બીજો સ્થિતપ્રજ્ઞનો પાઠ, ભજન કિર્તન, મગનભાઈ તથા કિર્તનકાર ખરે, કરતા. પ્રાર્થના પછી ગાંધીજી દિનચર્યા તથા અંતરની વાતો કહેતા. પછી ફરવા જતા. કોઈને કોઈ
સાથીને લઈ જતા હું તેમની પાછળ પાછળ જતો, વાતો સાંભળતો.

.

વિનોબાજી ચાર વાગે ઊઠી વેદાધ્યયનના પાઠો લલકારતા.અને વિદ્યાર્થીઓને સાબરમતીમાં, જે વીસ જ ફૂટ દૂર હતી તેમાં, ઝબોળતા. દિવસો શિયાળાના હતા.

વિદ્યાર્થીઓ માટેનું રસોડું આશ્રમનાં રસોડાંથી જુદુ ચાલતું હતું. નરહરિ પરીખનાં પત્ની કાશીબેન વગેરે રસોઈ કરતાં. વિદ્યાર્થીઓ પણ મદદમાં રહેતા. મારે ત્યાં જમવાનું હતું.

વણાટ શાળામાં પીંજવાનું, કાંતવાનું તથા વણવાનું હું શીખ્યો . આશ્રમમાં ફટકાશાળ દાખલ કરી હતી. તેના ઉપર ટુવાલ, ખાદી વણતાં શીખ્યો. ફણીમાં પરોવવાનું, સાંધવાનું તથા તાણાવાણાનું જ્ઞાન પણ મેળવ્યું. આશ્રમ ખેતરની જમીનમાં હવે દિવાલ કે વાડ નહોતી. તેથી એક રાતે મારા રૂમમાંથી મારી બેગ કોઈ ઉપાડી ગયું. તેમાં પુસ્તકો તથા કપડાં હતાં. મારા પિતાશ્રીના આગ્રહથી એક રેશમી મુગટ સાથે લઈ ગયો હતો. જમતી વખતે બ્રાહ્મણોએ પહેરવાનો હોય છે. સવારે તપાસ કરતાં,થોડેક દૂર બેગ તથા પુસ્તકો મૂકી, ચોર કપડાં ચોરી ગયો હતો. કહે છે કે આશ્રમ ચારે બાજુથી ખુલ્લો હોઈ, અવારનવાર ચોરી થતી. મેં તરત જ ખાદીનો તાકો લઈ કપડાં સીવડાવ્યાં, ખાદી પહેરવાની મારી ઈચ્છા ભગવાને આમ પૂરી કરી. ત્યારથી હું ખાદીધારી થયો.આ પછી આ બીજી પ્રતિજ્ઞા ખાદી પહેરવાની મેં લીધી.

ચારેક મહિના રહ્યા પછી મને તાવ આવ્યો, આશ્રમમાં કોઈ પણ માંદુ પડે ત્યાં ગાંધીજી પહોંચી જતા

ગાંધીજીએ મને પૂછયું, " કેમ તાવ આવ્યો ? " મેં કહ્યું -" આજે હાથે રાંધવાને વારો હતો કંઈક કાચીપાચી ભાખરી ખવાઈ હતી એટલે તાવ આવ્યો લાગે છે. "ગાંધીજી કહે-" તો ખાવું નહોતું. મેં ઘેર જવાની વાત કરી. ગાંધીજી કહે-"સાજા થઈને જજો આમ માંદા ન જવાય. હું ડોકટરની ગોઠવણ કરૂં છું'. કહી ડો. કાનુગાને બોલાવી, દવા કરાવી. ત્રણ ચાર દિવસમાં તાવ ઉતરી ગયો. પછી મને ઘેર જવાની રજા આપી.

**ખાદી વણાટ શાળા :**

મેં અને મણિશંકર ત્રિવેદીએ રૂપિયા એક એક હજાર કાઢી વણાટશાળા શરૂ કરી. આશ્રમમાં શરૂઆતમાં મિલ સૂતર અને હાથવણાટથી ખાદી તૈયાર થતી હતી ત્યાંથી તાણાવાણા અને ફણીઓ લાવતા. મકનભાઈ, જીવરાજ, મેહનભાઈ વગેરે દશેક વાંજા કારીગરોને માસિક રૂપિયા ૩૦/-ના પગારથી રોકયા. એક ફટકાશાળ પણ આશ્રમમાંથી આણી.તેની સાથે સોમાભાઈ કારીગરને પણ લાવ્યા. અહીંના કારીગરોએ વિરોધ કર્યો કે અમારો હાથશાળનો ધંધો પડી ભાંગે પણ પગારદાર કારીગરે તેના ઉપર પ્રયત્ન કરી કારીગીરીમાં ફતેહ મેળવી. 'અલ્યા, આ તો સારૂ' એમ કહી સૌએ ફટકાશાળ અપનાવી તેના ઉપર ૨૪" થી ૬૦ " સુધીના ૨૦ નંબરથી ૬૦ નંબર સુધીનું સૂતર વણવા લાગ્યા. હાથ કરતાં આમાં કામ ઝડપભેર અને બમણું તમણુ થવા લાગ્યું. ચોતારી 'ખાદી , પનીયા, ખેસ, ધોતિયાં, સાડીઓ, ટુવાલ, લુંગી, શેત્રજી વગેરે, ૩૬ થી ૭૨ પનાની થવા લાગી. ઘણો માલ અહી જ ખપતો. બાકીનો માલ આશ્રમમાં મેકલાતો.

આ કામ સરસ ચાલતું જોઈને એક ત્રીજા ભાગીદાર શેઠ જાદવજીભાઈ (માજી તાલુકો માસ્તર ) જોડાયા. તેમણે દુકાન સંભાળી. હિસાબ-કિતાબ તે રાખતા. કારખાનું મેં સંભાળ્યું. મણિભાઈ તો મુંબઈ રહેતા. રૂ ખરીદી, પૂણીઓ બનાવી, સૂતર કંતાવા માંડ્યું. અને હરિજન વણકરો પાસે ખાદી વણાવવી શરૂ કરી. કારખાનું બરાબર ચાલ્યું. ત્યાં ગાંધીજીનો આદેશ આવ્યો કે હાથે કાંતેલ અને હાથે વણેલને જ ખાદી ગણવામાં આવશે મિલ-સૂતર વાપરવું નહિ. અમારું કામ તો મિલ-સૂતરના વણાટનું હતું. તેથી અમારે કારખાનું બંધ કરવા ફરજ પડી. સરવૈયું કાઢતાં હજારેક રૂપિયાની ખોટ દેખાઈ. ૧૯૨૦ ની અમદાવાદની ઐતિહાસિક સભામાં હું તથા મણિભાઈ ગયા હતા પાછળથી મારા પિતાશ્રીએ ચોપડા તપાસી ભૂલ શોધી કાઢી ત્રીજા ભાગીદાર જાદવજી શેઠે તેના ભાગના રૂપિયા કટકે કટકે ભરેલા. તેમાં ખાતાવહીમાં બમણી રકમ જમા કરેલી. મેં વિશ્વાસે ખાતાવહી ઉપરથી સરવૈયું કાઢેલું. મારા પિતાશ્રીએ તાર કરી અમને તેડાવ્યા. કોર્ટમાં કેસ કરવા અમને જણાવ્યું. અધિવેશન ચાલતું હતું. તેથી અમે બેત્રણ દિવસ પછી આવ્યા. અમે કોર્ટે જવાની ના પાડી બાવચંદ શેઠની રૂબરૂમાં ઘરમેળે પતાવ્યું. ખોટ વહેંચી કારખાનું બંધ કર્યું.

**આગળ વધતી હરિજન સેવા :**

સાવરકુંડલામાં ત્રણ હરિજનવાસ, ત્રણ ભંગીવાસ નદી કાંઠે બબ્બે વાસ છે. પૂર આવે ત્યારે કાંઠા ઘસાતા હતા.હરિજન - ભંગીનાં મકાનોને ઘસારો લાગતો હતો. નીચાણ જગા હોઇ, પીવા માટે સ્વચ્છ પાણી પણ મળતું નહોતું. સતેસંગભાઈ વહીવટદાર હતા. પરગજુ હતા. અમે, બાલમિત્ર મંડળે, અરજ કરી. તેમણે દરબાર ખર્ચે કાંઠા પાકા બંધાવી આપ્યા. અને બધા વાસોમાં રૂપિયા અઢીસો અઢીસો ખર્ચી કુવા બંધાવી આપ્યા.

સવર્ણોમાં જેમ અસ્પૃશ્યતા હતી તેમ હરિજન ભંગીમાં પણ અસ્પૃશ્યતા હતી. ભંગીનાં બાળકને હરિજન શાળામાં દાખલ થવા દેતા નહોતા જેથી અમે, બાલમિત્ર મંડળ,જુદી ભંગીશાળા શરૂ કરી. સારા નરસા પ્રસંગે હરિજન- શાળામાં તથા ભંગીશાળામાં અમે પતાસાં, લાડવા,ગાંઠિયાની લહાણી હરિજન પ્રેમીઓ પાસે કરાવતા ભાઈલાલ પારેખને ત્યાં જાન આવેલી. તેમણે દર માસે ભંગી વિદ્યાર્થીઓને સાબુ માટે રૂપિયા બે આપવાની જાહેરાત કરી. વર્ષો સુધી આમ ચાલ્યું. વિદ્યાર્થીઓ માટે શાળાનું મકાન નહોતું. તે માટે દરબાર પાસે માગણી કરી. દરબારે રેલવે લાઇન પાસે પાકું મકાન બંધાવી આપ્યું. તેમાં હરિજન - ભંગી વિદ્યાર્થીઓને સાથે બેસાડવા માંડયા. રફતે રફતે મકાનને પાકું કંપાઉન્ડ પણ કરાવી આપ્યું. શિક્ષકની મુશ્કેલી હતી. અમે દેસાભાઈ દેવદાન બગડાને સાત ચોપડી ભણાવી, શિક્ષક કર્યા. મદદનીશ શિક્ષક તરીકે ખોડાભાઈને રાખ્યા. વર્ષો સુધી તેઓએ સેવા આપી.હાલ આ શાળા સુધરાઈ હસ્તક ચાલે છે. દરેક રાજકીય અને સામાજિક સેવકે આવતા તેમને શાળાની તથા હરિજન-વાસની મુલાકાત કરાવતા અને પ્રવચનનો લાભ અપાવતા.

**ઠક્કર બાપા સાથે નવ માસ :**

ઠક્કરબાપા હરિજન સેવા તથા ખાદીકામ કરતા હતા.તેઓ અહીં આવેલા. હું બાલમિત્ર મંડળના મંત્રી હોઈ દરેક આગેવાનોની સેવા સરભરામાં રહેતો ઠકકરબાપાને ખાલી કાર્યકરની જરૂર હતી. મારી હકીક્ત જાણી, મને ઉમરાળા ગામે, ખાદી વહીવટદાર તરીકે ઓફર કરી. મેં તે સ્વીકારી.નવ માસમાં બે ધોકડા, ૫૦-૬૦ મણ રૂ પીંજાવ્યું અને કંતાવ્યું. વણાટ માટે બીજા સ્થળે મોકલાવી આપ્યું.

**૧૯૨૦ ની પ્રથમ સત્યાગ્રહ લડત :**

ગાંધીજીએ ૧૯૨૦ માં ભારતભરમાં સત્યાગ્રહની લડત ઉપાડી, ગાંધીજીએ દેશ પાસે (કોંગ્રેસ)

મહાસભાના એક લાખ સભ્યો, એક લાખ ચાલુ રેંટિયા અને એક કરોડ રૂપિયાનો ફાળો માગ્યો , તો એક વરસમાં સ્વરાજ્ય અપાવું એમ કહ્યું. પરંતુ અહિંસાને માર્ગે જ લડવું એવી શરત મૂકી. બાલમિત્ર મંડળે તેમાં સક્રિય ભાગ લીધો . સભા, સરઘસ, દરરોજ ચાલતાં. ઢેબરભાઈ, ગોપાળદાસ દરબાર,મણિભાઈ કોઠારી, બળવંતરાય મહેતા, મણિભાઈ ત્રિવેદી વગેરે આવી સભાઓ ગજવતા રણશિંગુ ફૂંકાયું. લડત ઉપડી. ત્યાં ચૌરીચોરામાં હિંસા ફાટી નીકળી. પાંચ યુરોપિયનને લોકોએ મારી નાંખ્યા ગાંધીજીએ લડત થંભાવી દીધી અહિંસા પાકી નથી, એમ કહ્યું. લોકો નિરાશ થયા. અમુક ક્રોધે પણ ભરાયા. છતાં ગાંધીજી અડગ રહ્યા. લોકોને રચનાત્મક કામે લગાડી, અહિંસા કેળવવા આદેશ આપ્યો. ગામેગામ સ્વયંસેવકો બેસાડ્યા ખાદી અસ્પૃશ્યતા હિંદુ-મુસ્લિમ એકતા અને અહિંસા કેળવવા આદેશ આપ્યો તે દશકા સુધી, ૧૯૩૦ના મીઠાંના સત્યાગ્રહ સુધી ચાલ્યો.

**પુનામાં નવ માસ :**

મણિભાઈ ત્રિવેદી મુંબઈમાં એક ભાટિયા ગૃહસ્થના દીકરાના ખાનગી શિક્ષક હતા. શેઠને બે સ્ત્રીઓ હતી. પરંતુ તેમને પુત્ર નહોતો, જેથી એક પિત્રાઈના દીકરાને દત્તક લીધો હતો, દશેક વર્ષની ઉમર હતી. શેઠ સટ્ટાના તથા ઘોડાની રેઇસના શેખીન હતા. સટ્ટામાં તેમને ખોટ ગઈ.દેવાળું કાઢયું પુના રહેવા ગયા. મણિભાઈ સાથે જઈ શકે તેમ નહોતા. મુંબઈમાં તેમના પિતાને પ્લાસ્ટર ઓફ પેરિસનો ધંધો સારો ચાલતો હતો. મણિભાઈની નજર મારા પર પડી.તેમણે ઓફર મોકલી મે તે સહર્ષ સ્વીકારી. મુંબઈ થઇ પુના ગયો મણિભાઈના વિદ્યાર્થીનો ગૃહશિક્ષક બન્યો.વિદ્યાર્થીને લાડમાં ઉછેરતા હતા. નવ માસમાં વિદ્યાર્થી ફક્ત ત્રણ પાઠ શીખ્યો. એટલે મેં રજા માગી. વળતાં ઇગતપુરી થઈ નાશિક,ત્રંબક , પઢંર પુરની જાત્રા કરી ઘેર આવ્યો.

**કંડલા મિડલ સ્કૂલમાં શિક્ષક (૧૯૨૪ થી ૧૯૩૪) :-**

કુંડલા મિડલ સ્કૂલમાં હજુ ચાર જ ધોરણ હતાં શિક્ષકની જગા ખાલી પડી. તે વખતે નોનમેટ્રિકને શિક્ષક તરીકે લેતા હતા પગાર રૂપિયા ૨૦ હતો. ગ્રેજ્યુએટને ૪૦ રૂપિયા આપતા, હેડમાસ્તરની ભલામણથી તરત જગ્યા મળી ગઈ. ધોરણ પહેલું સોંપ્યું. તે જ ધોરણ મેં અગિયાર વર્ષ ભણાવ્યું હું છેલ્લો આસિસ્ટન્ટ હતો. હિસાબનું કામ મને સોંપેલું. ગણપતરાવ, નંદલાલભાઈ, વિનુભાઈ શુકલ, ગિરજાશંકર લોર્ડ,મનસુખરામ પંડયા વગેરે હેડમાસ્તર તરીકે આવ્યા હતા.છાયાભાઈ અને સન્મુખરાય નાણાવટી સાયન્સ ટીચર હતા.વિઠ્ઠલરાય મહેતા કેળવણી ખાતાના અધિકારી હતા.તેમણે વ્યાયામ શિક્ષકની તાલીમ માટે બાઉદ્દીનભાઈના અખાડામાં મને મોકલ્યો. હું કુંડલા મિડલ સ્કૂલ ઓનરરી વ્યાયામ શિક્ષક બન્યો. આખી શાળાના વિદ્યાર્થીઓને તાલીમ આપતો.ત્યાર પછી સ્કાઉટ માસ્તરની તાલીમ માટે પણ એક માસ મોકલ્યો મહુવા, હાથબ રેલીઓમાં વિદ્યાર્થીઓને લઈને ગયેલો. મહારાજા

કૃષ્ણકુમારસિંહજી લગ્નમાં ૧૬ સ્કાઉટ લઈને ગયેલો. અનંતરાય પટ્ટણી ચીફ સ્કાઉટ હતા સર પ્રભાશંકર પટ્ટણીને હાથમાં રેલી વખતે અમોએ સ્કાઉટની દીક્ષા આપેલી.

દિવસે દિવસે શાળામાં સંખ્યા વધવા માંડી. જેથી ખાતાંએ પાંચમું છઠ્ઠું ધોરણ પણું ખોલ્યું. છેવટે સાતમાં ધારણની (મેટ્રિક ) આવશ્યક્તા ઊભી થઈ. બાલ મિત્રમંડળના પ્રયાસથી ગામ લોકોએ ફાળો કરી મેટ્રિકનું ધોરણ ખોલ્યું. જે ત્રણ માસમાં જ રાજ્યે સંભાળી લીધું. હાઈસ્કૂલનું મકાન એક માળનું હતું. જે ટૂંકુ પડતાં બીજો માળ સરકારે બંધાવ્યો.

**શાળામાં હરિજન પ્રવેરા અને નોકરીનું રાજીનામું** :

(૧૯૩૪-૩૫) : ગાંધીજીએ શાળાઓમાં અને મંદિરમાં હરિજન પ્રવેશની ઝુંબેશ ઉપાડી હેડમાસ્તર મનસુખલાલ પંડ્યા હરિજનપ્રેમી હતા. હું તે મૂળથી જ હતો. ત્રણ વિદ્યાર્થીઓને મારા વર્ગમાં દાખલ કર્યા. ગામના રૂઢિચુસ્તોને આ ન ગમ્યું. હડતાલ પાડી. પણ રાજ્ય મક્કમ હતું તેથી તેમનું કઈ ન ચાલ્યું. પરંતુ ગજાનન ભટ્ટ કેળવણી ખાતાનાં ઉપરી બન્યા હતા. તેમને અહીંના રૂઢિચુસ્તોએ ફરિયાદ કરી, મારી તથા મનસુખલાલ ભાઈની બદલી કરાવી. મને તળાજા જવા હુકમ કર્યો. મણિભાઈ ત્રિવેદીને જાણ કરી. તેમણે મને રાજીનામું આપવા સલાહઆપી મે વિરોધ સાથે રાજીનામું આપ્યું. ખાતાએ તરત મંજૂર કર્યું. ગામ લોકોએ જાહેર લાયબ્રેરીમાં જાહેરસભા ભરી માનપત્ર આપ્યું મણિભાઈ ત્રિવેદીએ જન્મભૂમિમાં "સત્યને ખાતર નોકરી ફગાવી દીધી" ના હેડિંગ સાથે અહેવાલ પ્રગટ કર્યો.

મેટ્રિક માટે ફાળો કરેલ શાળા દરબારે સંભાળી. જેથી તેમાંથી જે રકમ બચી તે કેળવણી સહાયક મંડળ સ્થાપી, વિદ્યાર્થીઓને મફત પુસ્તકની સહાય માટે, તે રકમ વાપરવી, તેમ ઠરાવ્યું. એ કામ પણ નોકરી દરમિયાન દરમિયાન મને સોંપવામાં આવ્યું હતું. ગરીબ તથા હરિજન વિદ્યાર્થીઓ આ ફાળા માંથી લાભ મેળવતા હતા

**૧૯૩૦ નો મીઠાનો સત્યાગ્રહ** :

ગાંધીજીએ ૧૯૨૦ ના સત્યાગ્રહ મોકુફ રાખેલ. ૧૯૩૦માં દાંડીકૂચ કરી એમણે પ્રથમ મીઠાંનો સત્યાગ્રહ ઉપાડ્યો સૌરાષ્ટ્રમાં રાણપુર અને ધોલેરામાં મીઠાંના સત્યાગ્રહ રાખેલો મણિભાઈ ત્રિવેદી અહીં સ્વયં સેવકોની ટુકડી લેવા આવેલા. તેમાં અમે ૪૦ સત્યાગ્રહીઓ આપેલા. તેમાં હું પણ સામેલ થયો હતો. ધોલેરામાં તો હું આખુ વેકેશન રહેલો. ત્યાંના ગામડાંમાં ફરી રેટિયાનું, મીઠાનું વેચાણ કરતો . સરકાર સરદારને પકડતી. અમને બોલાવતી નહિ. જેથી જેલ મેળવી શક્યો નહિ. પણ લડતમાં ભાગ લેવાનો લ્હાવો તો મળ્યો

**કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર (૧૯૨૯) :**

નાવલી નદીને કાંઠે ભુંદરાવાડી નામે ઓળખાતી દરબારી પડતર જમીન હતી. તેમાં ભાલમ (અનર્ગળ પાણીવાળો) કૂવો હતો. ત્યાં ભૂંડ બહુ રહેતા તેથી ભુંદરાવાડી નામ પડેલું. આ જમીન વેપારીઓએ કારખાનાં કરવા માગી. બાલમિત્ર મંડળે તે જગા વ્યાયામ મંદિર માટે માગી આમ તકરાર ઊભી થઈ. બાળકો ત્યાં મેદાનમાં વ્યાયામ કરતા હતા.

મહારાજા કૃષ્ણકુમારસિંહજી સિંહના શિકારના શોખીન હતા. મિતિયાળામાં એક મોટા સિંહને શિકાર કરેલો . ખુશ-ખુશાલ હતા. ત્યાં ચાર ખેલાડી વિદ્યાર્થીઓને લઈને બાલમિત્ર મંડળ પહોંચ્યું. વિદ્યાર્થીઓના અંગ કસરતના ખેલ બતાવ્યા. મહારાજા ખુશ થયા. કહે - માંગો. શું જોઈએ અમે વ્યાયામ મંદિર માટે ભુંદરાવાડીની જગ્યા માગી. મહારાજાએ પ્રસન્ન થઈ તે જગા વ્યાયામ મંદિરને આપી. અમે મહારાજાનું નામ આપી "શ્રીકૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર "ની સ્થાપના
કરી. આ વ્યાયામ મંદિરની સ્થાપના ૧૯૨૯ માં થઈ તેમાં મંત્રી તરીકે તથા વ્યાયામ શિક્ષક તરીકે મેં સેવા આપી શરૂ આત કરી, ત્યાર બાદ તેનું એક જુદું મંડળ રચી, તેનું સંચાલન તેમને સોપ્યું. સ્વ. બેચરભાઈ કેશવજી તથા કેશુભાઈ ભાવસારે તેમાં સેવા આપી તેના વિકાસ કર્યો, આજે તે કેટલાય વિદ્યાર્થીઓના તન અને મનના વિકાસનું સાધન બની રહ્યું છે.

**કુંડલા જાહેર લાયબ્રેરી** :

કુંડલા બાલમિત્ર મંડળ રાજકીય પ્રવૃત્તિ સાથે સામાજિકપ્રવૃત્તિઓ પણ કરતું હતું. ગાંધી ચોકમાં ચાર રસ્તા પાસેઆવેલ માણેકચંદ સઘજીની દુકાન પરની બંને માળની મેડી ભાડે રાખી, ત્યાં " બાલમિત્ર મંડળ પુસ્તકાલય" ખોલ્યું હતું. તેના લાયબ્રેરિયન માસ્તર કાનજીભાઈ દંતાભાઈ રાજયગોરે વર્ષો સુધી સંચાલન સંભાળ્યું હતું. તેઓ ભલા, માયાળુ અને નમ્ર હતા, જેથી લોકોની ભારે ચાહના મેળવી શકયા હતા ચારે રસ્તે ચાલતા ભાઈઓ આ પુસ્તકાલયનો લાભ મેળવતા.

કુંડલા જાહેર લાયબ્રેરી પણ વર્ષોથી દરબાર હસ્તકચાલતી હતી. મહારાજા તખ્તસિંહજી વિલાયત જઈ આવ્યા ,તેમના માનમાં, તેમને સન્માનવા, પ્રજાએ ફાળો કર્યો. તે રકમ મહારાજાના સૂચનથી "સર તખ્તસિંહજી ટાઉનહોલ અને જાહેર લાયબ્રેરી " માટે વાપરી, તેમાં ફકત જામે જમશેદ, ટાઈમ્સ ઓફ ઇન્ડિયા અને ગુજરાત મિત્ર, કાઠિયાવાડ ટાઈમ્સ,બુદ્ધિપ્રકાશ, વગેરે છાપાં -- સામયિકો - આવતાં,

પુસ્તકો જૂના જમાનાનાં હતાં સંચાલન બરાબર થતું ન હતું. તેથી બાલમિત્ર મંડળે તે સંભાળી લીધું. થોડો વખત બંને પુસ્તકાલય અલગ ચાલ્યાં, પછી એકત્ર કર્યા', નવાં પુસ્તકો ,છાપાંઓ, વગેરે મંગાવી કુંડલા જાહેર લાયબ્રેરીને સમૃદ્ધ કરી, દર વર્ષે ખર્ચના ૪૦ ટકા ગ્રાન્ટ દરબારશ્રી પાસેથી મેળવતા હતા, આ લાયબ્રેરીના સેક્રેટરી તરીકે મેં વર્ષો સુધી ઓનરરી સેવા આપી, કુંડલા શહેર સુધરાઈના પ્રમુખ શ્રી લલુભાઈ શેઠ આવતાં આ જાહેર લાઇબ્રેરી ૧૯૫૨ માં કુંડલા શહેર સુધરાઈને સુપ્રત કરી.

**સાવજનિક દવાખાનું – ૧૯૩૪ – ૩૫ :**

સાવરકુંડલામાં ફકત એક જ સરકારી દ્વવાખાનું હતું. બીજા કોઈ પ્રેકટીશનર નહોતા દરબારી ડોકટર હોશિયાર હતા, પરંતુ તેમના વર્તન અને ચારિત્ર્ય વિષે ફરિયાદ રહેતી એકાદ વખત દવા લેવા આવનાર સ્ત્રીની બાબત કઇંક ધમાલ થતાં સ્ત્રીના સંબંધીઓને વૈદક ખાતાના ઉપરીને તારથી ફરિયાદ કરવા, તાર લખી આપવા, મને વિનંતી કરી. મેં તાર લખી આપ્યો. ઉપરી આવ્યા. ડોકટરની બદલી કરશું કહી ચાલ્યા ગયા. તરત બદલી ન કરી. લોકોએ દવાખાનાના બહિષ્કાર કર્યો. પણ દવાખાના વિના એક પણ દિવસ ચાલે કેમ ? બાલમિત્ર મંડળે તત્કાળ પ્રશ્ન ઉપાડી લીધો. પ્રજાકીય દવાખાનું શરૂ કર્યું,મહુવાથી ડોકટર ભરૂચાએ આવી શરૂઆત કરી. ત્યાર બાદ ડોકટર કણિયા આવ્યા. અને તેના સહકારથી સાર્વજનિક દવાખાનું ધમધોકાર ચાલવા માંડ્યું , મારી શિક્ષક તરીકેની બદલીનું આ બીજું કારણ હતું કેમકે મેં દરબારી નોકર થઈ, દરબારી નોકર વિરૂદ્ધ, તાર લખી આપ્યા હતો . છેવટે ડોક્ટરને બદલવાની દરબારશ્રીને ફરજ પડી, સમય જતાં સાવરમાં પણ તે વખતના સૌરાષ્ટ્ર રાજ્યના પ્રધાન શ્રી બળવંતરાય મહેતાના હસ્તે વૈદકીય રાહત મંડળે, બીજુ સાર્વજનિક દવાખાનું ખોલ્યું. બંને દવાખાનાનું સંચાલન વૈદ્રકીય રાહત મંડળ કરી રહ્યું છે. મેં મંત્રી તરીકે બાલમિત્ર મંડળની હયાતિ સુધી સેવા બજાવી

**કંડલા વિદ્યાર્થી ભવન (૧૯૩૫-૪૨)**

કુંડલા હાઇસ્કૂલમાંથી રાજીનામુ આપ્યા પછી હું કુડલા વિદ્યાર્થીભવનનો ગૃહપતિ બન્યો. શરૂઆતમાં વિદ્યાર્થીઓ પાસેથી માસિક રૂપિયા પાંચ લવાજમ લેવાતું. ૧૯૩૯ માં બીજુ વિશ્વયુદ્ધ જાગતાં લવાજમ રૂપિયા સાત, પછી અગિયાર,કરવું પડયું. ૧૯૪૨ માં ગાંધીજીએ ત્રીજીવાર સત્યાગ્રહનાં મંડાણ કર્યા 'કરેંગે યા મરેંગે"નો નાદ ગજાવ્યો.નોકરોએ નોકરી છોડી વિધાર્થી ભવનો ભવને કેમ બાકી રહે ? કુંડલા વિદ્યાર્થી ભવનના કેટલાક વિદ્યાર્થીઓએ ભવન છેડી લડતમાં ઝંપલાવ્યું. સંખ્યા ઘટી.મોંઘવારીએ પણ માજા મૂકી. કુંડલા વિદ્યાર્થી ભવન બંધ કરવું પડ્યું. તેને સરસામાન જાહેર હરરાજીથી વેચી નાખ્યો.ભવિષ્યમાં વિદ્યાર્થી ભવન ખેલવા માટે, સુધરાઈ પાસેથી,રૂપિયા એકના લીઝથી એક પ્લેટ, ઉતાવળા હનુમાન પાસેની જગ્યાએ રાખી ફરતે કમ્પાઉન્ડ કર્યું. જેમાં આજે પછાત વર્ગ માટે "

મેઘજી પેથરાજ સાર્વજનિક છાત્રાલય ” ચાલે છે. તેમાં હરિજન તથા દશ ટકા સવર્ણ વિદ્યાર્થીઓ લાભ લે છે.

**છાપાંઓની એજન્સી (૧૯૩૫-૪૦ )**

૧૯૩૫ માં મેં કુંડલા હાઈસ્કૂલમાંથી રાજીનામું આપ્યું.પ્રજાએ કુંડલાની જાહેર લાયબ્રેરીમાં જાહેર સન્માન કર્યું.તેનું વૃત્તાંત તથા ફોટાઓ જન્મભૂમિમાં મણિભાઈ ત્રિવેદીએ પ્રગટ કર્યા.તે વખતે મણિભાઈ ત્રિવેદી જન્મભૂમિના તંત્રી હતા.હું જન્મભૂમિનો રિપોર્ટર અને એજન્ટ હતો.ત્યાર પછી બીજા છાપાંઓ, અઠવાડિકો, માસિકોની પણ એજન્સી મેળવી. બીજી પ્રવૃત્તિઓના કારણે તેમ જ બીજી એજન્સીઓ શરૂ થવાને કારણે ૧૯૪૦ માં મેં છાપાંની એજન્સી બંધ કરી.

**ભાવનગર પ્રજા પરિષદ - ૧૯૩૯**

ગાંધીજીએ સ્વરાજ્યની લડત ઉપાડી હતી.પરંતુ તેમાં દેશી રાજ્યોને ભાગ લેવાની ના પાડી હતી. કારણ ત્યાં તો બેવડી ગુલામી હતી.પરંતુ ભારતનાં દેશી રાજ્યની લડતનું એક અલગ એકમ સ્થપાયું. તેના મંત્રીઓ શ્રી મણિભાઈ ત્રિવેદી તથા શ્રી બળવંતરાય મહેતા હતા. દેશી રાજાએ આવી પરિષદો કયાંય ભરવા દેતા નહોતા. વિભાગીય ભાવનગર પ્રજા-પરિષદ સાવરકુંડલામાં ભરવા કુંડલા બાલમિત્ર મંડળે સ્વીકાર્યું. શ્રી બળવંતરાય મહેતા તથા શ્રી મણિભાઈ ત્રિવેદીએ એક માસ સુધી કુંડલામાં બેસી વ્યવસ્થા કરી. સંમેલન ભર્યું”. ચિ.દલપતરામ, જેમને એમ.બી.બી.એસ.માં તાજું જએડમિશન મળ્યું હતું. તેમણે બળવંતરાયના સેક્રેટરી તરીકે એક માસ સુધી સેવા આપી હતી.

**કુંડલા સુપર સમિતિ (૧૯૪૩-૧૯૪૮) :**

ત્રીજા વિશ્વયુદ્ધ પછી શહેર તથા ગામડાંમાં ઘાસતેલ-ખાંડનું પાકું રેશનિંગ આવ્યું. શરૂઆતમાં આ કામ વેપારી-ઓને સોંપાયું હતું. પણ તેનો વિરોધ થવાથી જુદી જુદી પ્રજાકીય સમિતિઓ રચાઈ. સમિતિના અધ્યક્ષ તરીકે રાજ્યના વહીવટદારો હતા. મૂડી રોકાણ સમિતિઓને કરવાનું હતું. નાણાં કોણ આપે અને જવાબદારી કોણ સંભાળે તે પ્રશ્ન પ્રથમ આવ્યો.

શ્રી છોટાલાલ કાનજી પારેખ તથા મારી મંત્રીઓ તરીકે પસંદગી થઈ.અમને જવાબદારી અને કામગીરી સોંપાઈ.લગભગ બધા સભ્યોએ સમિતિને રૂપિયા પચાસ પચાસ હજાર આપ્યા.દર માસે દર સેંકડે આઠ આના વ્યાજ ઠરાવ્યું.વ્યાજ દર મહિને આપી દેવાતું ખાંડની એજન્સી ભાવનગર-વાળા ભીવંડીવાળાની હતી. તેમના તરફથી દર માસે ક્વોટા પ્રમાણે સુગર સમિતિને નામે આવતી.શહેર તથા ગામડાંના લાયસન્સદારોને વહીવટદાર કચેરીની પરમીટોથી ખાંડ અપાતી.દશ ગુણી ખાંડની પરચુરણ

ચીઠ્ઠીઓ મંત્રીઓને કાઢવાની હતી ખાંડનો કન્ટ્રોલ ભાવ મણના ૧૨ રૂા. ૧૨ આના ૦ પાઈ હતો. જ્યારે કાળા બજારમાં મણનો ભાવ ૧૨૦ રૂપિયા હતો.વહેંચણીનું કામ કપરું હતું. જોખમવાળું પણ હતું. આ કામ ૪૩ થી ૪૮ સુધી ચાલ્યુ' રૂપિયા બાર લાખનો વહીવટ કર્યો.સમિતિને રૂપિયા ૧૨૦૦૦/- નફો રહ્યો. આ નફો જાહેર સંસ્થાઓમાં વહેંચી આપ્યો.ઈશ્વર કૃપાથી આ મશની કોટડીમાંથી ડાઘ વિના બહાર આવ્યો તે માટે પ્રભુનો પાડ માનું છું.

**મહાત્મા ગાંધી ધર્મશાળા (૧૯૪૮ થી ૧૯૫૦ ) :**

૧૯૪૮ ના જાન્યુઆરીની ૩૦ મીએ ગાંધીજીનું અવસાન થયું. તેમનું સ્મારક રચવા બાલમિત્ર મંડળે અને શહેરીઓએ વિચાર કર્યો અસ્થિ વિસર્જન નાવલી નદીમાં કરવામાં આવ્યું.તે સ્થળે ગાંધીઘાટ બંધાવ્યો ગામના જાહેર ચોકનું નામ ગાંધી ચોક આપ્યું. કુંડલા શહેરમાં એક સાર્વજનિક ધર્મ-શાળાની જરૂર હતી. સ્ટેશન સામે દરબારી ગેસ્ટ હાઉસ પાસે વિશાળ જમીન પડતર હતી અને તે જમીનની માંગણી કરી. દિવાન અનંતરાય પટ્ટણી એ ગેસ્ટ હાઉસ પાસે હોઈ જમીન આપવા ના પાડી. પરંતુ આપણા દયાળુ અને રાષ્ટ્રપ્રેમી મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ તે જમીન વિના મૂલ્ય ભેટ આપી. આ ધર્મશાળાનું બાંધકામ મને તથા મિસ્ત્રી હીરજીભાઈ ઠાકરશીને સોંપાયું. વિશાળ મેદાન રાખી,ઊંચી પ્લીન્થ ઉપર ફરતે રૂમો અને સ્ટેશન રોડની બાજુએ દુકાનો વાળી એક માતબર ધર્મશાળા બંધાઈ.

બાંધકામ માટે રાજુલાના પથ્થર જોઈએ. તે માટે કાયમીવેગનો મળી જાય તે કામ જલદી થઈ શકે. તે વખતે શ્રી.બળવંતરાય મહેતા સૌરાષ્ટ્ર રાજયના રેલ્વે પ્રધાનપદે હતા.તેમને હું મળ્યો. તેમણે કાયમને માટે બે વેગન ફાજલ પાડી આપ્યાં. બે વર્ષ સુધી આ વેગનાએ પથ્થર પૂરા પાડયા. મેદાનમાં લીમડાનાં તથા આસોપાલવનાં સુંદર વૃક્ષો રોપાવ્યાં.વચ્ચે મહાત્મા ગાંધીનું બાવલુ પધરાવ્યું. મેદાનમાં બેથી ત્રણ હજાર માણસો બેસી શકે તેટલી વિશાળ જગ્યા રાખી ગેસ્ટહાઉસમાં જગ્યા ( ફકત બેજ રૂમ છે ) ન હોય ત્યારે દરબારી અમલદારો આ ધર્મશાળાનો લાભ લેવા આવતા. ભૂપત બહારવટિયાને પકડવા રતુભાઈ અદાણી સાથે દશ પોલીસની પાર્ટી આવી હતી તેને છ માસ સુધી સગવડ આપી હતી. ધર્મ શાળાનું બાંધકામ પૂરું થયા પછી મહેતાજીની જરૂર પડી.તે માટે મારી પસંદગી થઈ. બે વર્ષ સુધી મેં સેવા આપી.

**કંડલા શહેર સુધરાઈ (૧૯૫૦ થી ૧૯૫૩ ) :**

૧૯૫૦ માં કુડલા શહેર સુધરાઈની પ્રથમ ચૂંટણી થઈ.તેમાં કોંગ્રેસના સભ્યો ચૂંટાઈ આવ્યા. શ્રી લલ્લુભાઈ શેઠ પ્રમુખ ચૂંટાયા ચેરમેન તરીકે પરમાણંદદાસ પોપટલાલ રવાણી(પી.પી ) ચૂંટાયા

બાંધકામ વિભાગ શરૂ કર્યો જૂની દરબારી કન્યાશાળા હતી ત્યાં નવી માર્કેટ બાંધવા અને કન્યાશાળાને ગોંદરાવાળી જમીન ઉપર નવું મકાન બંધાવી આપવા નક્કી કર્યું. પ્રથમ માર્કેટ બાંધવા નકકી થયું. બાંધકામ મને તથા હીરજીભાઈ મિસ્ત્રીને સોંપાયું. માર્કેટવાળી જગ્યાએ નદી કાંઠો હતો. તેથી માર્કેટના પાયા બાર બાર ફૂટ ઊંડા ગયા. તળી એ રેતી તથા પાણી આવ્યાં. તે વખતે ચાર જિલ્લાના ચાર દરબારી ઈજનેર આવી ચડયા. તેમણે પાયા જોઈ ત્રણ ત્રણ ફૂટના બીજા પાયા નાખવા સલાહ આપી અને તે પ્રમાણે ત્રણ ત્રણ ફૂટનાં બીમ નાખી ચણતર લીધું. દુકાનો તથા ટાઉનહોલ બંધાવ્યાં. નદી કાંઠે દરવાજો મૂકી ટાવર બંધાવ્યો ટાવરના દરવાજા નીચે ભાલમ કૂવો હતો. પગથિયાં પાસે નદીનું જબ્બર વહેણુ હતું, જેને બે મશીને મૂકી, પંપ્પથી પાણી ખેંચી, સિમેન્ટના થેલા નાખી, દરવાજો તથા પગથિયાં બંધાવ્યાં. માર્કેટ એટલી બધી મજબૂત બંધાઈ કે તેની દિવાલમાં કયાંય ખીલી પેસી શકતી નહિ.

**કુંડલા કન્યાશાળા** :

કુંડલા શહેર સુધરાઈની માર્કેટ પૂરી કર્યા પછી અમે કુંડલા કન્યાશાળાના મકાનનું બાંધકામ શરૂ કર્યું. તેમાં વિશાળ ઓરડાઓ તથા ઉપર નીચે ૬૦ x ૩૧ ના સેંટર હોલ બાંધ્યા છે. સેન્ટર હોલનાં બીમ માટે પાટણના સોમપુરા સલાટોની સલાહ લીધી હતી.કમ્પાઉન્ડની રેલીંગ માટે ભાવનગરથી ઈજનેર ખાતા પાસેથી મજબૂત લોખંડની જાળી રેલિંગ ફૂટ ૯૦ રૂપિયા ૧૦ ના દરે રૂપિયા ૯૦૦ની નામની કીંમતે મેળવી હતી.

**નૂતન વિદ્યાલયના આચાર્ય ૧૯૫૩ થી ૧૯૫૫** :

દરબારી કુંડલા હાઈસ્કૂલ ચાલતી હતી. પરંતુ વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જતી હતી.તેના પ્રમાણમાં શાળામાં સગવડ વધતી નહોતી. જેથી પ્રજાકીય શાળા શરૂ કરવાની જરૂરિયાત ઊભી થઈ. નૂતન કેળવણી મંડળ નામે એક પ્રજાકીય મંડળ સ્થપાયું. શરૂઆતમાં હાઈસ્કૂલના શિક્ષકોએ ઓનરરી સેવા આપવા તૈયારી બતાવી કપોળ મહાજનનું મકાન ભાડે લઈ ૯૯ વિદ્યાર્થીઓથી ૫-૬-૭ ધોરણો શરૂ કર્યા. પ્રમુખ છગનલાલ સંઘવી અને સભ્ય લલ્લુભાઈ શેઠ વગેરે હતા.આચાર્યની જરૂર હતી. મને તે જગ્યાએ બેસાડયો. સંખ્યા તથા વર્ગો વધતા ગયા. ધોરણ આઠ-નવ પણ ખોલ્યા હું તો ખાલી નોન મેટ્રિક હતો.જેથી સારા અનુભવી ગ્રેજયુએટની જરૂર હતી.શ્રી સન્મુખરાય નાણાવટી મહુવા હાઈસ્કૂલના આચાર્યપદેથી નિવૃત્ત થયા હતા તેમની વરણી થઈ. કુંડલા વિભાગીય વાહન વ્યવહાર બસ મંડળીએ દર વરસે સારી એવી સહાય આપ્યા કરી. સરકારે ૧૯૫૯ થી નવી હાઈસ્કૂલોને ઉદાર ધોરણે ગ્રાંટ આપવાની શરૂઆત કરી.જેથી મંડળે કે. કે. હાઇસ્કૂલ શરૂ કરી.જેમાં નૂતન વિદ્યાલયને મર્જર કરી સમાવી લીધી.

**મેઘજી પેથરાજ સાર્વજનિક છાત્રાલયના ગૃહપતિ અને**
**નૂતન કેળવણી મંડળના મંત્રી (૧૯૫૫ થી ૧૯૭૩)**

સૌરાષ્ટ્ર સરકારે પછાત વર્ગ માટે છાત્રાલય, બાલવાડીઓ ખોલી એવી એક બાલવાડી અને એક છાત્રાલય સુરેશ ભટ્ટબંગલાવાડીમાં ખોલ્યાં. સરકાર પૂરેપૂરી ગ્રાન્ટ આપતી હતી.ભંગી વિદ્યાર્થીઓ અને મેર વિદ્યાર્થીઓ મળી દશ વિદ્યાર્થીઓથી શરૂઆત કરી. જૂનાગઢના મહંતશ્રી હવાફેર માટે અહીં રહેતા તેમનો સાથ હતો. સુરેશ ભટ્ટે એકાદ વર્ષ છાત્રાલય અને બાલવાડી ચલાવી નૂતન કેળવણી મંડળને તે સોંપ્યાં. પછી તેમણે સંસ્કાર મંદિરમાં જીવન વિદ્યાલય શરૂ કર્યું. જે તેમણે થોડો વખત ચલાવી નૂતન કેળવણી મંડળને સોંપ્યું. નૂતન કેળવણી મંડળે દેવળાને ઝાંપે શોરાનું મકાન ભાડે લઈ છાત્રાલય ૩૦ વિદ્યાર્થીઓથી શરૂ કર્યું. અડધા હરિજન અને અડધા અન્ય પછાત કોમના વિદ્યાર્થીઓની મંજૂરી સરકાર તરફથી મળતી હતી. મેઘજી પેથરાજે બીજે જ વર્ષે સરકારને અઢી કરોડ રૂપિયા દાનના આપ્યા. તેમાંથી સંસ્થા માટે મકાન બાંધવા સરકારે ઓફર કરી રતુભાઈ અદાણીને હસ્તક તે ખાતું હતું. અમુલખભાઈ ખીમાણીને તેમણે કહેણ મોકલ્યું. રૂપિયા ત્રીસ હજાર ગ્રાંટની મંજૂર થયા. કુંડલા વિદ્યાર્થી ભવન તથા ખાદી કાર્યાલયના નામના બે પ્લોટ તૈયાર હતા કમ્પાઉન્ડ પણ તૈયાર હતું ત્યાં બધી સગવડતાવાળું એક મકાન બંધાવ્યું. ભાડુતી મકાનમાંથી નવા મકાનમાં છાત્રાલય ફેરવ્યું. તેમાં હું ૨૪ કલાકનો ગૃહપતિ નિમાયો. રહેવાનું, સૂવાનું અને જમવાનું વિદ્યાર્થીઓ સાથે જ ૧૯૫૫ થી ૧૯૭૩ સુધી તેમાં રહ્યો.

**ગૃહપતિ તાલીમ વર્ગ માં - ૧૯૬૬**

સરકારે ગૃહપતિઓને તાલીમ આપવા પંદર પંદર દિવસના તાલીમ વર્ગો ખોલવા નક્કી કર્યું. પ્રથમ/વર્ગમાં જ મારું નામ પસંદ થયું. ૩૧ ગૃહપતિઓને ૨૭-૧૦-૬૬ થી ૧૦-૧૧-૬૬ સુધી બોચાસણ રહેવાનું હતું. વડોદરા થઈ ત્યાં પહોંચ્યા. કરણેન્દ્રિય મંદ પડી હતી. તેથી વડોદરાથી ઇયરફોન લેતા ગયા. દૈનિક કાર્યક્રમ ઘડાયો સમિતિઓ રચાઈ.ધ્વજ વંદનમાં મને રાષ્ટ્રપતિપદે નિમ્યો પ્રાર્થના, ધ્વજ વંદન પછી સફાઈ, કસરત હતાં. સફાઈમાં જાજરૂ - મૂતરડી મારે ભાગે હતાં. હું તે હર્ષથી કરતો. કસરત પણ સૌની સાથે કરતો નિયામકશ્રી જોઈને ખુશ થતા. ત્યાર બાદ સમૂહ કાંતણ,સંગીત તથા અભ્યાસવર્ગો ચાલતા. સાંજના રમતગમત અને રાત્રે પ્રાર્થના, ચર્ચાઓ તથા મનોરંજન કાર્યક્રમ ચાલતો.બોચાસણ છાત્રાલયમાં વિદ્યાર્થીઓ બધું જ કામ હાથે કરતા.જેથી રસોયો કે બીજા નોકરો રાખતા નહોતા છેલ્લા બે દિવસો પ્રવાસના હતા. પાસેના દાવોલ , ગોલેલ, બેરીઆવી અને આણંદમાં ખાતર તથા દૂધની ડેરીનાં કારખાનાં જોયાં. છેલ્લે વિદાય વખતે નિયામકશ્રી ચંદુભાઈ પટેલ, બબલભાઈ મહેતા, મગનભાઈ દેસાઈ, છગનભાઈ જોશી અને પૂજ્ય રવિશંકરદાદાએ આવી

સંબોધ્યા હતા.  તાલીમ વર્ગમાં ખૂબ મજા પડી.

સાથે સાથે નૂતન કેળવણી મંડળ,  જે કે.કે.હાઈસ્કૂલ, જે.પી.મોદી હાઈસ્કૂલ,  શા.વી.દેશી હાઈસ્કૂલ, જે.એચ.શોરા પ્રાથમિક વિદ્યામંદિર અને હાલ વી ડી કાણકિયા આટર્સ કોલેજ તેમ જ એમ.આર.સંઘવી કેમર્સ કોલેજ પણ ચલાવે છે,  તેનો મંત્રી પણ રહ્યો.  કે.કે.હાઈસ્કૂલ તથા ગર્લ્સ હાઈસ્કૂલનાં મકાન બાંધકામમાં સેવા આપી.હાલ બંને કેલેજોનાં મકાન બાંધકામ ચાલે છે.તેમાં પણ સેવા આપી રહ્યો છું.

૮૦ મું વર્ષ ચાલતું હોઈ ઉંમરને કારણે જૂન ૭૩ થી મંડળના મંત્રી પદેથી તથા છાત્રાલયના ગૃહપતિ પદેથી નિવૃત્તિ લીધી છે.  હવેનું શેષ જીવન ઈશ્વર પરાયણ અને સેવામાં ગાળવા પ્રભુ પાસે પ્રાર્થના કરી રહ્યો છું.

**જીવનના અને સેવાના સાથીઓ .:**

**૧ શ્રી મણિશંકર શામજી ત્રિવેદી**

શ્રી.  મણિભાઈ,  શ્રી છગનલાલ સંઘવી તથા હું કુંડલા મિડલ સ્કૂલમાં  (૧૯૦૭ થી ૧૯૧૦)  સાથે ભણતા હતા. મણિભાઈ એક ધોરણ આગળ હતા.  તેમના પિતાશ્રી મુંબઈમાં પ્લાસ્ટર ઓફ પેરિસનો ધંધો કરતા હતા,  જેથી આગળ અભ્યાસ માટે તેઓ મુંબઈ ગયા.  પરંતુ વેકેશનમાં તથા અવારનવાર આવતા ત્યારે અમારી જાહેર પ્રવૃત્તિઓમાં ભાગ લેતા.  બાલમિત્ર મંડળના પ્રમુખ હતા.  મુંબઈમાં રહીને પણ જાહેર પ્રવૃત્તિઓમાં ભાગ લેતા.  તેમના એક મિત્ર,  અમરેલી નિવાસી અંધ કવિ શ્રી હંસરાજભાઈ હતા. હંસરાજભાઈ જન્મથી અંધ હતા છતાં મેટ્રિક સુધી ભણ્યા હતા.  સત્યાગ્રહની લડત વખતે તેઓ દેશભક્તિના ગીતો બનાવતા અને ગાતા.  "ટોપીવાળાનાં ટોળાં ઊતર્યાં" સરકારે જપ્ત કર્યું હતું.  તેમને જેલવાસ આપ્યો  હતો.  ફિડલ ઉપર તેમને સારો કાબૂ હતો.  મણિભાઈ વખતો  વખત કુંડલા આવતા ત્યારે હંસરાજભાઈને સાથે લાવતા  અને કુંડલાની પ્રજાને સંગીતનો  લાભ અપાવતા.

મણિભાઈ તથા શ્રી.બળવંતરાય મહેતા અખિલ ભારત દેશી રાજ્ય પ્રજા પરિષદના મંત્રીઓ હતા.  દેશી રાજાઓ તેમને તેમના રાજ્યમાં પ્રવેશવા દેતા ન હતા.  તેઓ અનેકવાર જેલમાં ગયા હતા.  ધ્રાંગધ્રા રાજ્ય તેમને જેલમાં બહુજ કષ્ટ આપ્યું હતું.  હલકો ખોરાક આપી તેમની શારીરિક શક્તિ તોડી નાખી હતી રાણપુર સત્યાગ્રહ  વખતે ૪૦૦ સૈનિકો લઈ ગયા હતા.  તેમણે ગીતા કંઠસ્થ કરી હતી.તેમના ભાષણો હજારોની મેદનીને મુગ્ધ કરી દેતાં હતાં રાણપુર મીઠાંના સત્યાગ્રહમાં  (૧૯૩૦)  જોડાવા સૈનિકોને લેવા તેઓ અત્રે આવ્યા હતા.  નાવલી નદીમાં દશ હજારની માનવ મેદનીમાં  રૂઢિ ચુસ્તોને સંબોધતાં તેમણે કહ્યું હતું : સૈનિક નહિ પણ પ્રેક્ષક તરીકે તો આવો.  જિંદગીમાં આવો લાભ નહિ મળે."  તરત જ

રૂઢિ ચુસ્ત  ત્રણ ગૃહસ્થ મુરબ્બી આદિત્યરામભાઈ,  મુ. ડુંગરશીભાઈ વકીલ તથા મુ.મૂળજીભાઈ ગાંધી સૈનિકો સાથે રાણપુર આવ્યા હતા.

મુંબઈમાં હીરાબાગમાં (૧૯૩૪) દેશી રાજ્યના સત્યાગ્રહની લડતનું ભાષણ આપતાં ત્યાં જ ઢળી પડયા. તેમના અકાળ અવસાનના સમાચારથી કુંડલાની પ્રજા ડઘાઈ ગઈ.
તેમની સ્મૃતિમાં "મણિભાઈ બાલમંદિર" તથા "મણિભાઈ ચોક" નામ આપી,  યાદગીરીમાં તેમને અંજલિ અર્પી

**૨ શ્રી છગનલાલ હરિચંદ સંઘવી**

અમે બન્ને સાથે અભ્યાસ કરતા હતા દરેક પ્રવૃત્તિમાં સાથે ભાગ લેતા હતા. મારાથી બે વર્ષ નાના હતા. પરંતુ બુદ્ધિશાળી અને વિશાળ દિલના હતા તેઓ નવી નવી પ્રવૃત્તિઓ અને યોજનાઓ ઘડતા. ફંડફાળા કરવામાં એકકા હતા. અમારાં બધાંજ કામના પ્રણેતા હતા. તેમને અમે આત્મા કહીને બોલાવતા તેમની વાકછટા જોરદાર હતી. દશ હજારની મેદનીને પોતાની વાણીથી ગજવતા. મુગ્ધ કરી દેતા. ફંડફાળા માટે હજાર નહિ લાખની જ વાત કરતા. તેમની કુટુંબની સંયુક્ત કાપડની દુકાન હતી. પણ ભાગ્યે જ દુકાને બેસતા તેમના કુટુંબને થોડો વસવસો રહેતો. પણ તેઓ તો જાહેર સેવાના રંગે રંગાયેલા હતા .તેથી જાહેર પ્રવૃત્તિઓમાં જ સમય આપતા બાલમિત્ર મંડળના પ્રમુખપદે શ્રી મણિભાઈ રહ્યા ત્યાં સુધી તેઓ તથા હું મંત્રીઓ રહ્યા અને મણિભાઈના અવસાનપછી તેઓ મડળ ના પ્રમુખપદે આવ્યા. બાલનિત્ર મંડળનું રૂપાંતર નૂતન કેળવણી મ ડળ થયુ.ત્યારે અંત સુધી તેના પ્રમુખપદે રહ્યા તેઓ વિશાળ દીર્ઘ દૃષ્ટિવાળા હતા.તેમને કોઇ વિરોધી કે દુશ્મન નહોતા. તેઓ સૌના આદરણીય હતા

**૩.શ્રી મોહનલાલ જૂઠાભાઈ પરીખ**

મોહનબાઈ ભલા, ભોળા માનવી હતા. તેઓ અંગ્રેજી ભણેલા નહોતા, રહેણીકરણીમાં પ્રથમથી જ સાદા, સરળ હતા તેઓ મુંબઈ થોડો વખત જઈ આવ્યા. પછીથી અહીંની તેમના ભાઇની દુકાને બેસતા. અમારાં દરેક કાર્યમાં તેઓ જોડાયા હતા. તેમણે ખાદીને અને રેંટિયાને જીવનમંત્ર તરીકે અપનાવ્યાં હતાં.તકલી અને રેટિયા ઉપર દિવસનો ઘણો ભાગ કાંતતા, જાતે જ કાંતેલા સૂતરની ખાદી વણાવી પહેરતા ઘરનાને પણ પહેરાવતા. ગાંધીજીના ચુસ્ત અનુયાયી હતા. ગાંધીજીના અનુયાયીઓ કે બીજા આગેવાને આવતા તેમને ઘેર લઈ જઈ મહેમાનગતિ કરતા. હરિજન પ્રેમી પણ હતા.ભંગીભાઈઓ પઠાણી વ્યાજે દેવું કરી નાણાં લેતા તેમને તેમાંથી છોડાવવા અમે ભંગી દેણમુક્તિ સમિતિ રચી. હરિજન સેવક સંઘ પાસેથી રૂપિયા ૬૦૦/- લઈ તેમનું કરજચૂકવી આપ્યું. તે પેટે સુધરાઇમાંથી તેમના પગારમાંથી માસિક રૂપિયા ચાર કપાવી તે હરિજન સેવક સંઘને પરત કરતા,તેઓ ભાષણ કરતા નહિ.

પણ જ્યારે તેમને પ્રમુખસ્થાને બેસાડીએ અને બોલવા માટે આગ્રહ કરીએ ત્યારે તેઓ ઊભા થઈ કહેતા– ”ભાઈઓ,મને ભાષણ કરતાં આવડતુ નથી. પણ એટલું કહું છું કે સાદાઇ રાખો.ખાદી પહેરો અને ગાંધીજીના માર્ગે ચાલો”.

**શ્રી જનજીવન ખાષચંદ દોશી** :

તેઓ મહાન પિતાના મહાન પુત્ર હતા.શ્રી ભાઉચંદભાઈ ગર્ભશ્રીમંત હતા ધર્મ પ્રેમી અને ધર્મનિષ્ઠ હતા. તેઓ ગરાસિયા તથા અન્યને ધીરધાર કરતા. રાજા હરિશ્ચન્દ્રની જેમ સત્યની ટેકવાળા હતા. પોતાનું નાણું ખોટું થાય પણ ખોટી જુબાની ન આપતા. જેથી કોર્ટે પણ તેમના બોલને માન્ય રાખતી, ગામમાં ઝઘડો હોય તો તેમને પંચ તરીકે લઈ જતા તેમનો ચુકાદા સૌ માન્ય રાખતા. અમારા ફંડફાળામાં નાણાની સહાય કરતા તેમના પુત્ર જગજીવનભાઈ જેમને જગુભાઈ કહીને સૌ બેલાવતા. તેમણે પણ તેમના પિતાશ્રીની પ્રથા જાળવી રાખી હતી. અમારાં દરેક કાર્યમાં ભાગ લેતા. પિતાના ધર્મને અને સત્યને પાળવામાં યથા શક્તિ નાણાની સહાય કરવા તત્પર રહેતા.

**૫–૬ શ્રી લલુભાઈ શેઠ અને શ્રી અમુલખભાઈ ખીમાણી** :

તેમને વિદ્યાર્થી અવસ્થામાંથી જ રાજકીય તથા સામાજિક સેવા કાર્યને રંગ લાગ્યો હતો.
૧૯૨૯ માં કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિરની સ્થાપનાની શરૂઆતમાં શ્રી.બહેચરભાઈ કેશવજી સેરઠિયાના વ્યાયામ વિદ્યાર્થીઓ બન્યા છાતી પર ગાડું ચલાવવું, સાંકળ તોડવી. મલખમ, કુસ્તી વગેરે પ્રયોગ કરતા ૧૯૩૦ માં મીઠાની લડત આવી. તેમાં ભાગ લઈ અભ્યાસ છોડી જેલમાં ગયા. સરકારે ભાવનગર દરબાર મારફત માંફી માગવા દબાણ કર્યું.તેમના પિતાશ્રીને અમદાવાદની જેલના દરવાજે સમજાવવા લાવ્યા. પણ એ બહાદુર વીરોએ માફી માગવાની ચોખી ના સુણાવી દીધી. જેલમાંથી છૂટયા બાદ દરેક રાજકીય અને સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું. ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓ ખાદી, ગ્રામસેવા, શહેરસેવા જેવા કાર્ય શરૂ કર્યા. મોહનભાઈ સાથે ખાદી કાર્યાલય શરૂ કર્યું. જે આજે ખાદીકામમાં અગ્રસ્થાને છે. ગામડાંમાં તેની ઘણી શાખાઓ ચાલે છે. અને ભાઈઓ ધારાસભામાં પણ ચૂંટાયા હતા.લલ્લુભાઈ કુંડલા શહેર સુધરાઈના પ્રમુખ ચૂંટાઈ આવ્યા.સુધરાઈ માર્કેટ, કન્યાશાળાનાં મકાન તથા આરોગ્યનાં સ્થળો બંધાવ્યાં. ભાવનગર પરિષદ તથા પ્રદર્શનમાં રાત–દિવસ સખત જહેમત ઉઠાવી જવાહરલાલજીની પ્રશંસા મેળવી. જેમ ભારતમાં કોગ્રેસના ભાગલા પડયા તેમ અહીંના જૂના સમાજવાદીઓએ સુધરાઈ હસ્તગત કરી. જાહેર જીવનના મૂલ્ય તેમના જુદાં હતાં તેથી આ બંને ગામડાંની કેળવણી તરફ વળ્યા.નૂતન કેળવણી મંડળ સ્થાપી, નૂતન વિદ્યાલય,

કે. કે. હાઇસ્કૂલ, જે.વી.મોદી હાઈસ્કૂલ, શા. વી.દોશી ગર્લ્સ હાઈસ્કૂલ, જે. એચ. શોરા પ્રાથમિક શાળા, મેઘજી પેથરાજ છાત્રાલય, મહિલા અધ્યાપન મંદિર, મહિલા છાત્રાલય, આર્ટસ અને કોમર્સ કોલેજ વગેરે શિક્ષણ સંસ્થાઓ પણ સ્થાપી. વૈદકીય રાહત મંડળ દ્વારા ચાલતાં બન્ને સાર્વજનિક દવાખાનાનું પણ સંચાલન કર્યું.કુદરતી ઉપચાર કેન્દ્ર પણ ખોલ્યું. ગામડાંમાં જેસર, વડા,નેસડી, ગાધકડા, વગેરેમાં માધ્યમિક શાળાઓ શરૂ કરી આ બધી સેવાઓના પ્રતાપે સરકારે જે. પી. પણુ બનાવ્યા છે.અમુલખભાઈ સ્થાનિક પ્રવૃત્તિઓ પડતી મૂકી વિનોબાજીનાં સર્વોદયનાં કામમાં જોડાયા છે. હાલ ગુજરાત સર્વોદયનાં કામમાં જોડાયા છે.ગુજરાત સર્વોદય મંડળના પ્રમુખ બન્યા હતા. દેશભરમાં ચાલતી સર્વોદય પ્રવૃત્તિમાં ભાગ લઈ રહ્યા છે.

**જીવનની સમાલોચના** :

મારા પિતાજી લાતીનો ધંધો કરતા. જકાતને ઈજારો રાખતા. તેમ જ નાણાંની ધીરધાર કરતા. પૈસેટકે સુખી હતા.હું મારા પિતાજીનો એકનો એક પુત્ર હતો. મારાં માતા પણ ભલાંભેળાં હતાં, પાડોશી કંઈ ચીજ માંગવા આવે તો રસોઇનાં કામમાં હોઇ છતાં પડતી મૂકી તેને આપતાં. કદી કોઈને ખાલી કાઢતાં નહિ. મારા પિતાજી ફકત ગુજરાતી ચાર અને અંગ્રેજી એક ચોપડી ભણેલા પણ નામું અને હિસાબમાં બાહોશ હતા, માતા તદન્ન અભણ હતાં. દશ એકડા પણ આવડતા નહિ. મને લાડમાં ઉછેર્યો હતો. મેટ્રિક સુધી ભણાવ્યો હતો. મેટ્રિક પાસ થઈ શક્યો નહિ. પરંતુ અંગ્રેજી બુકકિપિંગ, એકાઉન્ટન્સીમાં લંડન ચેમ્બર ઓફ કોમર્સની પરીક્ષામાં પાસ થયો હતો. મારી કમાણીની મારા પિતાશ્રીને જરૂર નહોતી, હું જાહેર પ્રવૃત્તિઓમાં તથા દેશ સેવામાં વળ્યો તેમાંથી મને રોક્યો નહિ જેથી જાહેરસેવા કરી શક્યો

મારા જીવનમાં મેં આટલી વસ્તુ અપનાવી છે.

સાદાઈ,પ્રામાણિકતા,નિયમિતતા,નિર્વ્યસન,શારીરિક,માનસિક અને બની શકતી આર્થિક સેવાઓ અને ગાંધીજીએ આપેલ સત્ય-અહિંસા.

**સાદાઈ** :

વિદ્યાર્થી અવસ્થામાં પણ સાદો પહેરવેશ રાખવો.
૧૯૧૯ થી આશ્રમમાં જ ખાદીધારી બન્યો.

**પ્રામાણિકતા** :

અનેક સંસ્થાઓનો લાખોનો વહિવટ જીવ બગાડયા વિના કર્યો.

**નિયમિતતા :**

દરેક કાર્યની તથા સમયની નોંધ રાખતા,અને તે પ્રમાણે વર્તતો.

**નિવ્યર્સન :**

૧૯૧૯ થી ચા છોડી. પૌષ્ટિક ખોરાક સિવાય કઈં વ્યસન રાખ્યું નથી.

**શારીરિક સેવા :**

વ્યાયામ, સ્કાઉટીંગ, સભા સરઘસ, પ્રવાસ, (વિદ્યાર્થીઓ સાથે) અને જાહેર સંસ્થાઓનું સંચાલન.

**માનસિક સેવા :**

મનથી જાહેર સેવા અને દેશસેવા સિવાય બીજા વિચારોને આવવા દીધા નથી. સેવાને જ મેં ધર્મ માની લીધો છે,

**આર્થિક સેવા :**

જૂજ વેતન લઈ સંસ્થાઓમાં કામ કર્યું છે, છેલ્લે છાત્રાલયને, વિનોબાજી કહે છે તેમ આવકનો છઠ્ઠો ભાગ સંસ્થાને ભેટ ધરી દીધો છે.

**સત્ય અને અહિંસા :**

સત્યને બન્યું તેટલું પાળવા પ્રયત્ન કર્યો છે, અને અહિંસાની બાબતમાં તો મને યાદ નથી કે હું કોઈ સાથે ઝઘડ્યો હોઉં કે કોઈ ને દુભવ્યા હોય , આથી મને મારા જીવનનો સંતોષ છે

**નિવૃત્તિ :**

આજે ૮૦ માં વર્ષે શારીરિક રીતે નિવૃત્ત થાઉં છું.સરકારી નિયમ પ્રમાણે તથા વિનોબાજી કહે છે તેમ ૬૬ વર્ષે નિવૃત્ત થવું જોઈએ પરંતુ ૮૦ વર્ષ સુધી શારીરિક શક્તિને લીધે ખેંચ્યું તે માટે પ્રભુને પાડ માનું છું. હજુ બનતી માનસિક તથા આર્થિક સેવાઓ ઇશ્વર ઇચ્છે ત્યાં સુધી આપતો રહેવા મથીશ.શેષ જીવન ઇશ્વર

પરાયણ ગાળવા પ્રભુ સામર્થ્ય આપે એ જ અભ્યર્થના.

**મારે કુટુંબ પરિચય :**

મારા પિતાની જીવનલીલા જીવનની સમાલોચનામાં આપી છે. પરિવારમાં ત્રણ દીકરા તથા પાંચ દીકરીઓ જેમાંથી ત્રણ નાનપણુમાં જ પરધામમાં ચાલી ગઈ.

(૨) પુત્ર દલપતરામ – જન્મ ૧૯૨૧ ના એપ્રિલની છઠ્ઠી

તારીખ રાષ્ટ્રીય સપ્તાહના પ્રથમ દિવસ, જલિયાંવાલા બાગ દિન Day of Purification ઉપવાસ, પ્રાર્થના, હડતાલદિન.પ્રાથમિક શિક્ષણથી જ ભણવામાં હોંશિયાર દરેક ધોરણમાં પહેલે નંબરે પાસ થનાર, જીવનમાં પહેલેથી જ સાદાઈ અને સારા મિત્રો, મેટ્રિકમાં ભાવનગર રાજ્યની હાઇસ્કૂલમાં પ્રથમ નંબર મેળવી જસવંતસિંહજી સ્કોલરશિપ મેળવી.ભાવનગર શામળદાસ કોલેજમાં ઈન્ટર સાયન્સમાં સારા માર્કસ મેળવી M.B.B.S.માં પ્રવેશ મેળવ્યો.તે જ સાલમાં તેનાં લગ્ન થયાં. મુંબઈ જી.એસ. મેડિકલ કેલેજમાં પ્રવેશ મેળવ્યો.૧૯૪૫ માં M.B.B.S. માં સારા માર્કસથી પ્રથમ ટ્રાયલે પાસ થયા.દાલમિયાંના ચિડાવા ગામમાં ડોકટરની નોકરીસ્વીકારી ચાહના મેળવી, પરંતુ તબિયત લથડી હવાપાણી માફક ન આવ્યાં. નોકરી છોડી, જાફરાબાદ આવ્યા. તે દરમિયાન સાવરકુંડલામાં કોલેરા ફાટી નીકળ્યો વતનની સેવા કરવા ધાયા.સૌ મિત્રોને પસંદ પડયા.સાવરમાં દવાખાનાની જરૂર હતી. ત્યાં દવાખાનું ખોલી બેસાડયા. દોઢેક વરસ સેવા આપી લેકચાહના મેળવી પરંતુ સરકારી નોકરીના પ્રલોભને ૧૯૫૦ ના જાન્યુઆરીમાં સરકારી નોકરીમાં જોડાયા.લીંબડી,સુરેન્દ્રનગર અને બોટાદ હોસ્પિટલના મેડિકલ ઓફિસર બન્યા. બોટાદનું દવાખાનું હેલ્થ ખાતાંને સોપાતાં મુંબઈના હેલ્થ પ્રધાન કનમવરની સલાહથી હેલ્થ ખાતામાં જોડાયા.D.P.H.થવા સરકારે એક વર્ષ માટે કલકત્તા મોકલ્યા. બોટાદમાં સાત વર્ષ રહી બાવળા હેલ્થ સેન્ટરમાં મૂકાયા ત્યાંથી M.P.H. થવા સરકારે અમેરિકા મોકલ્યા. M.P.H.(Master of Public Health) થઇ સીધા પાદરા હેલ્થ સેન્ટરમાં મૂકાયા. હેલ્થ સેન્ટરમાં M.B.B.S. પાસ થયેલ ડોકટરોને ગ્રામ હેલ્થની તાલીમ આપવાની હોય છે. ત્યાંથી વડોદરા ગયા. મેડિકલ કોલેજના લેક્ચરર અને નવી મેડિકલ કોલેજના રેકટર તરીકે નિમણૂક થઈ. નોકરી કરતાં કરતાં M.D.થયા.તેથી M S.મેડિકલ કોલેજના પ્રોફેસર અને ડો. જીવરાજ મહેતા હોલના વોર્ડન તરીકે સેવા બજાવી રહ્યા છે. તેઓ અભ્યાસના શોખીન છે.નોકરી દરમિયાન પણ ઉચ્ચ અભ્યાસની તાલાવેલી રાખેલી. નોકરી દરમિયાન સરકારની પ્રજાની, ચાહના મેળવી અનેકમિત્રો અને શુભેચ્છકો મેળવ્યા છે, પુત્ર-પુત્રીઓને પણ બી.એ. એમ.એ.,બી.ઈ.(Elect.)સુધી ભણાવ્યાં છે.

**(૨) વિશ્વપ્રસાદ :**

તેએ પણ પ્રાથમિક શિક્ષણ તથા માધ્યમિક શિક્ષાણમાં પહેલે નંબરે પાસ થઇ મેટ્રિક થયા, સતેસીંગ પ્રાઇઝ મેળવેલ, સુરત કોલેજ માં B.SC. થયા, મુંબઈમાં ડાઇંગ અને પ્રિન્ટીંગનો અભ્યાસ કર્યો. ધોળા ખાંડના કારખાનામાં થોડો વખત નોકરી કરી, પછી સરકારી સેક્રેટરીએટમાં નોકરી મેળવી, ત્યાંથી સેલ્સટેક્ષ ખાતામાં બદલાયા. હાલ સુરેન્દ્રનગર સેલ્સટેક્ષ ઓફિસર છે, તેમના મોટા પુત્ર જિતેન્દ્રકુમાર B.E. (મિકેનિકલ) થઈ ટેલિફાન ખાતામાં એન્જિનિયર તરીકે અમદાવાદમાં નોકરી કરે છે,

બીજા પુત્ર M.Sc.નો અભ્યાસ કરે છે. વિશ્વપ્રસાદ સેલ્સટેક્ષ ખાતાંમાં પ્રામાણિકતાની છાપ પાડી કુટુમ્બની પ્રણાલિ જાળવી રહ્યા છે.

**(૩) પ્રહ્લાદરાય :**

તેઓ ભણવામાં પાછળ હતા, બી. એ. માં પાસ ન થઈ શકયા, સેલ્સટેક્ષ ખાતાંમાં નોકરી મળી પરંતુ તેમાં ન ફાવવાથી દેના બઁકમાં નોકરી મેળવી નોકરી કરતાં કરતાં ઘેર અભ્યાસ કરી બી એ. થયા, બઁકનાં ખાતાંની પણ પરીક્ષા આપી. તેમાં પાસ થયા, કલાર્ક માંથી ઉત્તરોત્તર ઓફિસર, એકાઉન્ટન્ટ, અને હાલ દેના બેન્કની શાખામાં મેનેજર છે. તેમનાં પત્ની હંસાગૌરી મિટ્રિક પાસ થયેલાં, લગ્ન પછી પણ ઘેર બેઠાં અભ્યાસ કરી બી.એ , એમ.એ. ને બી.એડ. થયાં. હાલ તેઓ શા.વી.દોશી ગર્લ્સ હાઇસ્કૂલમાં મદદનીશ શિક્ષિકા તરીકે જોડાયાં છે,

**(૪-૫) પુત્રીઓ - બે. ચિ. પ્રમિલાગૌરી અને પ્રભાગૌરી.**

તેઓ તેમના શ્વસુરગૃહે છે, જેઓ પણ સુશીલ, ભાવના-શીલ અને સેવાભાવી છે,

**(૬) આ બાળકોના ઉચ્ચ અભ્યાસ, સંસ્કારના યશ તેમનાં માતુશ્રીને ફાળે જાય છે. તેમનું નામ ભાગીરથી.**

નામ પ્રમાણે ગુણ છે, ભગીરથ રાજાએ ભાગીરથી -જાહનવીને તેમના પુત્રોના ઉદ્ધાર માટે પૃથ્વી પર લાવ્યા તેવાં જ પુત્રોદ્ધારક છે. તેમનાં માતાપિતા, ભાઈ-બહેને કે જેઓ પણ સંસ્કારી, ધર્મપરાયણુ, વિદ્યાદાન અને સ્વાગત પરાયણ હતાં, તેમના વારસમાંથી તેમણે એ ગુણ પ્રાપ્ત કર્યા હતા. આ મારાં

ધર્મ પત્ની, જેની સહાયથી હું કુટુંબની તથા જાહેર સેવા કરી શક્યો છું. તેઓ સાદા,સ્વાશ્રયી,શ્રમવાન, ધર્મનિષ્ઠ, પરગજુ સ્વભાવનાં છે. તેઓ બહુ ભણેલાં નથી પરંતુ દરેક વાત, પ્રસંગ તેમનાં જીવ્હાગરે છે. એટલે દરેક સંબંધી, પાડોશી પણ તેમની સલાહ લેવા આવે છે. તેમની ઉમર આજે ૬૬ વર્ષની છે.

**૮૦ વર્ષે એલ. જે. રાઠોડ હોસ્પિટલમાં :**

આજ સુધી કોઈ લાંબી માંદગી ભોગવી નથી,કે હોસ્પિટલમાં દાખલ થયો નથી. નિવૃત્તિ સમયે સારણગાંઠકયાંથી આવી પડી ? એનો ઈલાજ ઓપરેશન છે એમ ડોકટરોનું કહેવાનું થયું.ચિ.ડોકટરનો આગ્રહ વડોદરાને હતો. પણ મારું મન ડો રાઠોડ લાલજીભાઈ પાસે જ માન્યું. કારણુ તેમની મારા પ્રત્યે મમતા તથા તેઓ બન્ને બાહોશ અને ખ્યાતવાન ડોક્ટરો છે.લંડનનો ઉચ્ચ અભ્યાસ છે તેમણે સાજો કરી વધુ સેવાની તક આપી છે.તે બદલ સદાનો ઋણી છું.તેમને આવાં સારાં કાર્યો માટે પ્રભુ દીર્ધાયુ બક્ષે તેવી પ્રાર્થના.

**ઉત્તરા ખંડની યાત્રા :**

ઘણા સમયથી ચાર ધામની યાત્રાની આંકાક્ષા હતી.ઈશ્વરે એકાએક ઉત્તરા ખંડની યાત્રા માટે ભાગ્યશાળી બનાવ્યો. તા.૨૬-૫-૭૪ થી ૧૧-૬-૭૪, ૧૬ દિવસ સુધીની યાત્રાનો સુયોગ થયો ચિ.પ્રહલાદ તથા ચિ અ.સૌ.હંસાગૌરી અચાનક ઉત્તરા ખંડની યાત્રા માટે નિશ્ચય કરી ૨૪ કલાકમાં જવા માટે વીજપડીથી સાવરકુંડલા આવ્યાં. સાથે આવવા આગ્રહ કર્યો, કહ્યું કે આ અવસ્થાએ યાત્રા મુશ્કેલી ભરી છે પણ હિંમત હોય તો ચાલે. હું તરત જ તૈયાર થયો, જોડાયો . દિલ્હી - આગ્રા તો વિદ્યાર્થી ઓ સાથે ગયો હતો.હરદ્વાર, ઋષિકેશ, કેદારનાથ, બદરીનાથ, ગોકુળ, મથુરા, શ્રીનાથદ્વારાની ઈચ્છા ચિ.પ્રહ્લાદ્ય - હંસાએ પૂરી કરાવી.કેદારનાથની તેર માઈલની પેદલ મુસાફરીમાં ટેટુ પરસવારી કરી. જે કસોટીરૂપ હતી. હિમગીરીની તળેટીમાંબરફના પહાડ નીચે આવેલ કેદારનાથનાં દર્શન પૂજા કર્યાત્યાંથી બદરીનાથ ગયાં ગરમ કુંડમાં સ્નાન કર્યું. વળતાં ઋષિકેશ આવ્યાં ત્યાં ગંગાજી ઉપર આવેલ "લક્ષ્મણ ઝૂલા" થાંભલા વિનાના તારનાં દોરડાંથી બનાવેલ પૂલ છે જોયો બાજુમાં સ્વર્ગાશ્રમ,ગીતાભવન,પરિચર્યાશ્રમ આવેલાં છે.ત્યાંથી હરદ્વાર આવ્યાં. ત્યાં ગંગાજી પૂરજોશમાં વહે છે.ત્યાં સ્નાન કર્યું. ત્યાં પણ આશ્રમો - મંદિરો પુષ્કળ છે. ત્યાંથી દિલ્હી આવ્યાં. દિલ્હીથી ગોકુળ, મથુરા, વૃન્દાવન જોયાં.આગ્રાનો તાજમહેલ જોયો .ત્યાંથી નાથદ્વારા આવ્યાં.શ્રીનાથજીનાં દર્શન કર્યા, ત્યાંથી અમદાવાદ થઈ સાવરકુંડલા આવ્યાં.